Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.13 - Issue 3
March 2020
Price 12/-

holi festival color

May god gift u all the colors of life,
colors of joy, colors of happiness......

અમદાવાદ નારણપુરા સેવાકેન્દ્રના '૫૦મા વાર્ષિક ઉત્સવે' કેક કટીંગ કરતાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. નલિનીબેન, જ્ઞાનામૃતના તંત્રી બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ, બ્ર.કુ. બિપિનભાઈ અન્ય બ્ર.કુ.ભાઈ–બહેનો.

વડોદરા અટલાદરામાં 'ખેડૂત સશક્તિકરણ'માં બ્ર.કુ. રાજુભાઈ, MLA શૈલેષભાઈ, જીલ્લા ખેતીવાડી અધિક્ષક એમ.એન.વસાવા, પ્રોજેક્ટ ડાયરેક્ટર ધીરેનભાઈ, બ્ર.કુ. અરુણાબેન.

બોરસદ સેવાકેન્દ્રના બ્ર.કુ. વર્ષાબેનના 'પ્રભુ કન્યા સમર્પણ સમારોહ' કાર્યક્રમમાં બ્ર.કુ. પૂર્ણિમાબેન, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. ભગવતીબેન તથા બ્ર.કુ. દક્ષાબેન.

સુરત વરાછા ખાતે 'યોગ ભઠ્ઠી'ના કાર્યક્રમમાં બ્ર.કુ. ગીતાબેન, સુસંસ્કાર વિદ્યામંડળના ટ્રસ્ટી કાળુભાઈ, પૂર્વ મેયર ભગિની અસ્મિતાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન.

અમદાવાદ વટવામાં 'સીનીયર સીટીઝન'ના સન્માન બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. તારાબેન, બ્ર.કુ. નંદિનીબેન, બ્ર.ક. જાગૃતિબેન.

મુંબઈ મલાડના કાર્યક્રમમાં કોમેડીયન તથા ટી.વી. કલાકાર ભ્રાતા કપિલ શર્માને મોમેન્ટો આપી સન્માનીત કરતાં બ્ર.કુ. કુંતીબેન.

પોરબંદરના હરિમંદિરના સ્થાપક અને રાષ્ટ્રીય સંત રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી) સાથે જ્ઞાન ચર્ચા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. સુનિતાબેન, બ્ર.કુ. જયંતભાઈ.

મુંબઇ ગોરાઈમાં 'ગણેશ સ્વરુપ રહસ્ય' કાર્યક્રમમાં ગણેશ મિત્ર મંડળના પ્રમુખ મંગેશભાઈ, નાલંદા ઍકેડમીના પ્રમુખ અર્જુનભાઈ, કોંગ્રેસ મહિલા અધ્યક્ષ વિજુબેન, સુરેશભાઈ, બ્ર.કુ. પારુલબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૩ માર્ચ-૨૦૨૦ અંક : ૦૩

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- દૃઢ વૈરાગ્ય ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....દાદી જાનકીજી ..07
- પહેલાં મનના માલિક તો બનો ....દાદી હૃદયમોહિનીજી ..08
- રાજયોગનાં આધારભૂત તથ્ય ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..10
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..16
- આધ્યાત્મિક શક્તિથી ....રામનાથ કોવિંદ, રાષ્ટ્રપતિ ..17
- સુખી જીવનના પથ પર ....બ્ર.કુ. સૂર્યભાઈ ..18
- યોગ વિયોગ - ....બ્ર.કુ. ગોવિંદભાઈ ..19
- અદ્વૈતનો આનંદ...........................બ્ર.કુ. ગીતાબેન ..20
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..23
- અહંકાર પર વિજય ....બ્ર.કુ. ભારતભૂષણ ..24
- હોળીનો દિવ્ય સંદેશ ....બ્ર.કુ. મીનળબેન ..27
- હા શબ્દ એક એવી અમરવેલ છે જે ....બ્ર.કુ. અનિલ ..29

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460, 2532 4660

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

દૃઢ વૈરાગ્ય

એકવીસમી સદી વિજ્ઞાનની વૈવિધ્યસભર અદ્યતન શોધોને કારણે સુવિધા, સર્જન અને સંહાર માટે પણ નિમિત્ત બની છે. આજે નજીવા અપવાદને બાદ કરતાં ધર્મસ્થાનો, તીર્થ સ્થાનો આધ્યાત્મિક સંસ્થાઓ પણ આધુનિક સુવિધાઓ અને સંચાર ઉપકરણોથી સજ્જ છે. તેને લીધે ભૌતિકતામાં વૃદ્ધિ થઈ છે. સાદાઈનું સ્થાન ભવ્યતાએ લીધું છે. ધાર્મિક, આધ્યાત્મિક પ્રવૃત્તિઓ પ્રસિદ્ધિના શિખરે પહોંચી છે. વિશેષ ત્યાગ, તપસ્યા અને સેવા સાથે સંકળાયેલા સાધકો માટે એક પ્રશ્ન ઊભો થઈ જાય છે. આ બધામાં દૃઢ વૈરાગ્ય ક્યાં છે ? સૂક્ષ્મદર્શક યંત્રથી વૈરાગ્યની હલચલોને નિહાળવા પ્રયત્નો કરીએ, તો નિરાશ થવા જેવું નથી. વૈરાગ્યની દૃઢભાવનાનાં પણ દર્શન થાય છે. તે માટે ગહન, હકારાત્મક, ગુણગ્રાહી દૃષ્ટિ જોઈએ.

આધ્યાત્મિક પુરુષાર્થની કેડીએ વિચરતાં વૈવિધ્યસભર અનુભવોની અનુભૂતિ થાય છે. લૌકિક અને આધ્યાત્મિક જગતના માપદંડો અલગ અલગ હોય છે. તેથી આધ્યાત્મિક માર્ગે પ્રયાણ કરવા આત્મા કેમ તત્પર થયો તેનાં પરિબળોનો અભ્યાસ કરવો જરૂરી છે. તેની ગતિનો આધાર વાતાવરણ, સંજોગો કે પરિસ્થિતિ ઉપર રહેલો છે.

માનવ બુદ્ધિશાળી પ્રાણી છે, સામાજિક પ્રાણી છે. સમાજજીવનમાં તેમને કડવા દુઃખદ અનુભવો થાય છે. તે તેના જીવનમાં આવતા વૈરાગ્ય માટે નિમિત્ત બને છે. સગાં, સંબંધી, મિત્રો કે પરિચિતો વગેરે સ્વજનોના અગ્નિસંસ્કાર માટે સ્મશાનમાં જવાનું થાય છે. રુદન, શોક, આઘાતનાં દૃશ્યોને અને શબને જોતાં મન વિચારે ચઢે છે. આપણે પણ એક દિવસ અહીં આવવું પડશે. જીવનની ક્ષણભંગુરતાનો બોધ થાય છે. ખોટાં કર્મો બંધ કરી પુણ્ય અને સત્કર્મો કરવા તરફનું વલણ વધતું જાય છે. સ્મશાનમાંથી ઘેર આવીએ છીએ. થોડા દિવસો પસાર થાય છે અને સ્મશાની વૈરાગ્ય પણ લુપ્ત થાય છે.

યૌવનાવસ્થામાં, જીવનની ભિન્ન ભિન્ન વયે લાગણીસભર સ્પંદનો ઉઠતાં હોય છે. પણ પ્રણયભંગ, નિષ્ફળતા કે હતાશાની પળોમાં વૈરાગ્ય જન્મે છે. કોઈના વ્યવહારથી આવેશમાં આવતાં માનહાનિની ઘટનાઓ બનતાં, આર્થિક નુકસાન થતાં, વિશ્વાસઘાત, છેતરપિંડી, દગાબાજીનો ભોગ બનતાં આપણું મન દુનિયા પરથી હટી જાય છે. વૈરાગ્ય આવે છે. હિંસા, ભિન્ન ભિન્ન રોગો પ્રાકૃતિક આપદાઓ પણ વૈરાગ્ય માટે નિમિત્ત બને છે. ભિન્ન ભિન્ન પ્રસંગો કે ઘટનાઓના કારણે આવેલો વૈરાગ્ય લાંબો સમય ટકતો નથી. અભાવની સ્થિતિ દૂર થતાં, સંજોગો બદલાતાં વૈરાગ્યભાવ ઓસરવા લાગે છે. તેથી **અલ્પકાલીન** વૈરાગ્યની આડમાં રહેલી દીવાલ તૂટી જાય છે. ત્યાગની દીવાલ તૂટતાં વૈરાગ્યભાવ લુપ્ત થાય છે.

આજે ધર્મના નામે થતા ઉત્સવોમાં, કાર્યક્રમોમાં, તેના અનુયાયીઓની સંખ્યા જોતાં, તેની પાછળ થતા લાખો રૂપિયાના ખર્ચને જોતાં તેની ગુણવત્તા નક્કી કરવાનો કે તે પ્રત્યે અહોભાવ પ્રગટ કરવાનો ઊમળકો જાગે છે. પણ

આધ્યાત્મિકતાનો પાયો જે વૈરાગ્ય છે. તેના માપદંડ દ્વારા જ આધ્યાત્મિક પથની ઉન્નતિનો આધાર રહેલો છે. વૈરાગ્યના પાયા ઉપર આધ્યાત્મિક જીવનની ઈમારત સુંદર રીતે શોભી ઉઠે છે, ટકી રહે છે. તેથી આજે જ્યારે અધ્યાત્મની વાતો થાય છે ત્યારે તેના મૂલ્યાંકનમાં વૈરાગ્યનાં મૂળ કેટલાં ઊંડાં છે તે તપાસવું પડશે. તે માટે વ્યક્તિનું પૂરું માનસશાસ્ત્રીય અધ્યયન કરવું જરૂરી છે.

ભક્તિમાર્ગમાં, જ્ઞાનમાર્ગમાં પણ વૈરાગ્યનું મહત્ત્વ સ્વીકારાયેલું છે. **નરસિંહ મહેતાએ 'વૈષ્ણવજન' કાવ્યમાં** દૃઢ વૈરાગ્યનું મહત્ત્વ સ્વીકાર્યું છે. **સ્વામિનારાયણ સંપ્રદાયના મધ્યકાલીન કવિ નિષ્કુળાનંદે ગાયું છે કે 'ત્યાગ ન ટકેરે વૈરાગ્ય વિના કરિયે કોટિ ઉપાયજી'** આમ સાધનાપથમાં વૈરાગ્ય પાયામાં છે. **પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ દૃઢ વૈરાગ્યના પાયા ઉપર બ્રહ્માકુમારીઝ સંસ્થાની સ્થાપના કરી.** જે આજે પણ દિવ્ય, અલૌકિક મૂલ્યોનું જતન કરીને વિશ્વવ્યાપી બની છે. જેઓ રાજયોગ પથના પ્રવાસી બન્યા છે તેઓમાં કેટલાક ગુણો પ્રારંભમાં જ દેખાય છે. સંચિત કર્મ, પરમાત્મા પ્રત્યેનો પ્રેમ, શાશ્વત મૂલ્યોમાં શ્રધ્ધા, પરિવારનું શ્રેષ્ઠ પ્રેરણાદાયી વાતાવરણ આ બાબતો પણ અધ્યાત્મ પથના ખેંચાણ માટે નિમિત્ત બને છે. જ્યારે સાપ્તાહિક કોર્સ, રાજયોગ શિબિર કે દૃશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા મળેલા ઈશ્વરીય સંદેશને લીધે પરમાત્મા પ્રત્યેનું ખેંચાણ વધે છે. નિયમિત મુરલી શ્રવણ અને યોગાભ્યાસ વધતાં વૈરાગ્યભાવ તીવ્ર બનતો જાય છે. **ઈશ્વરીય જ્ઞાનને ગહનતાથી સમજીને, ઊંડાણપૂર્વકના અભ્યાસ, યોગની મહાનતા અને દિવ્ય અનુભૂતિઓના કારણે બનતી જતી પરિપક્વ અવસ્થાથી વૈરાગ્યભાવ દૃઢ બને છે.**

જેમ જેમ વૈરાગ્યભાવ દૃઢ થતો જાય છે તેમ તેમ દેહ અને દેહના સંબંધો પ્રત્યે આત્મિક ભાવ વધતો જાય છે. મોહ, આસક્તિ શુદ્ધ પવિત્ર સ્નેહમાં પરિવર્તિત થાય છે. કર્મેન્દ્રિયો ઉપર સંપૂર્ણ આધિપત્ય સ્થપાય, કર્મેન્દ્રિયો દ્વારા ભોગવાતા ભિન્ન ભિન્ન રસો ઉપર નિયંત્રણ આવે, સારા સારનો વિવેક જાગૃત થાય અને યોગી જીવનના નિયમો અને મર્યાદાઓ અનુસાર વ્યવહાર થાય, જે દિવ્ય, અલૌકિક હોય ત્યારે દૃઢ વૈરાગ્યની પ્રત્યક્ષતા થાય છે.

દૃઢ વૈરાગ્યભાવ જાળવવા માટે સંત્રીની જેમ જાગૃત રહેવું પડે છે. સંગદોષનો, વાયુમંડળનો, કોઈ પ્રભાવશાળી વ્યક્તિનો આપણા ઉપર નિરર્થક પ્રભાવ ના પડે તે માટે જાગૃતિ જરૂરી છે. **આજનું સુખસુવિધાઓયુક્ત ભૌતિક વાતાવરણ આપણી ચેતનાને પ્રભાવિત ના કરે તે માટે ઈશ્વરીય યાદ દ્વારા વૈરાગ્યનો અગ્નિ સદા પ્રજ્વલિત રાખવો પડે છે.** આપણાં દાદીઓની વૈરાગ્યભાવનાને જ્યારે તેના નૈસર્ગિક રૂપમાં જોઈએ છીએ ત્યારે આપણું મસ્તક આદરભાવથી ઝૂકી જાય છે. તેમનાં જેટલાં ગુણગાન કરીએ તેટલાં ઓછાં છે. આવાં અનેક રત્નો છે.

ત્યાગ, તપસ્યા, સેવા, દિવ્યગુણસંપન્ન સાધકો વૈરાગ્યના રંગે એવા રંગાયા હોય છે કે વિપરીત સંજોગો, પરિસ્થિતિ કે વાતાવરણ તેમના વૈરાગ્યભાવને ચલિત કરી શકતાં નથી. **દીદી મનમોહિનીજી અને દાદી પ્રકાશમણિજીએ વૈરાગ્યની ગહનતામાં જઈ જીવનને જે રીતે નષ્ટોમોહા બનાવ્યું હતું તે પુરુષાર્થ ઉલ્લેખનીય, અવર્ણનીય છે.**

રાજયોગીની વૈરાગ્યભાવના સન્યાસી જેવી નથી. તેના વૈરાગ્યમાં સ્વના કલ્યાણ સાથે વિશ્વ

કલ્યાણની ભાવના સમાયેલી છે. તેથી સૌ કોઈ સુખ, શાંતિ અને દિવ્યાનંદના આ પથ ઉપર ચાલીને પરમાત્મા પાસેથી પોતાનો દિવ્ય, અલૌકિક વારસો મેળવે તે હેતુથી સતત ઈશ્વરીય સેવાઓના અનેકવિધ કાર્યક્રમો અવિરત પણે ચાલતા હોય છે. રાજયોગના પથ ઉપર સમર્પિત જીવન જીવવા પુખ્તવય, તાલીમ, લૌકિક શિક્ષણ અને અજમાયશી સમયગાળો આ સૌ તબક્કાઓમાંથી પસાર થવાનું હોય છે. તેથી નીવડેલાં આધ્યાત્મિક રત્નો દ્વારા વૈરાગ્યભાવ સન્માનિત થાય છે.

દૃઢ વૈરાગ્યની અંતિમ સ્થિતિ છે ફરિસ્તાપણાની અવસ્થા. નષ્ટોમોહાની સાક્ષાતમૂર્તિ. દેહભાવનું સંપૂર્ણ વિસર્જન. જેનું જીવન પ્રત્યેક કાર્ય, પ્રત્યેક સંકલ્પ કે શ્વાસ સૂક્ષ્મતાનો હોય છે. સ્થૂલ બંધનો ભેદાઈ જાય છે. જે વરદાનીમૂર્ત બનીને ઈશ્વરીય સેવામાં ઉપસ્થિત રહે છે. અંતઃવાહક શરીર દ્વારા સેવા કરી શકે છે. જાણે એક તેજ લિસોટો પ્રકાશ પાથરીને ચાલ્યો જાય તેવી તેની અવસ્થા હોય છે. પરમપિતા પરમાત્મા સમાન અવસ્થાને ધારણ કરનાર આવા આત્માની ઓળખ ગોપનીય રહી શકતી નથી.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

મુક્તક - **હૃદયના બાગમાં બાબા,**
વીણા તુજ પ્રેમની વાગી.
સંકટરૂપી કંટક ગયાં,
લગની તુજ નેહની લાગી.

(પેજ નં. 16નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

કહેવાય છે કે જેવું અન્ન હોય તેવું મન બની જાય છે. જેવું પાણી પીએ છીએ તેવી વાણી બોલીએ છીએ. તો ત્રીસ સેકંડ જમ્યા પહેલાં અને ત્રીસ સેકંડ પાણી પીવાના પહેલાં બસ આજ શ્રેષ્ઠ સંકલ્પ કરવાનો છે કે હું પરમાત્માનો ફરિશ્તા છું... લાઈટ અને માઈટથી ભરપૂર છું... હું સરળ આત્મા છું. આ રીતે કરવાથી આપણી માનસિક શક્તિ સારી રીતે કામ કરશે. ભોજન પણ કોઈએ ડર ચિંતા રાખીને બનાવ્યું હશે તો તેનો અન્ન ઉપર પ્રભાવ પડશે. કારણ કે નકારાત્મક કિરણો આપણા સંકલ્પો ઉપર પ્રભાવ પાડશે. આટલું ધ્યાનમાં રાખવાથી આપણા જીવનમાં પરિવર્તન આવશે. આપણે શ્રેષ્ઠ સંગ કરવા સેવાકેન્દ્ર ઉપર જઈને યોગ કરીશું, બાબાની મુરલી સાંભળીશું. સવારના આઠ વાગ્યા પહેલાં અખબારો વાંચવા નહીં. જ્યારે આપણામાં શ્રેષ્ઠ તાકાત ભરી દઈશું તો કામ કરવાના, વ્યવસાય કરવાના ઉપાયો વિચારીશું.

સેવા કરવાની ભાવના પણ આ રીતે વિકસિત થશે. વ્યવસાય પણ એક સેવા છે. આ સમયે આપણે ધર્મ અને કર્મને અલગ અલગ રાખ્યાં છે. ધર્મમાં દાન, પુણ્ય, પૂજા, વ્રત, જપ, સરિતાસ્નાન, ઉપવાસ, કર્મકાંડ રાખવામાં આવ્યાં છે. પણ આપણે કહીએ છીએ કે ધંધો કરવા માટે થોડું જૂઠ્ઠું બોલવું પડે છે. આધ્યાત્મિકતા આત્માના ધર્મ પર ચાલે છે. આત્માનો ધર્મ છે શાંતિ, સુખ, આનંદ, પવિત્રતા, શક્તિ, જ્ઞાન અને પ્રેમ. સાત ગુણો આપણામાં હોવા જોઈએ. આ પ્રમાણે કાર્ય કરવાથી તે બોજપૂર્ણ લાગશે નહીં. પૂરો સમય આપણે હળવા રહી શકીશું. કારણ કે આપણે આત્માના ધર્મો સાથે રાખીને કામ કરીએ છીએ. તો આ રીતે આપણે આપણી જીવનશૈલી બનાવીશું તો સદા ખુશ રહી શકીશું. આપણી સારી ટેવો આપણને ખુશનુમા જિંદગી જીવવાની ટેવ પાડે છે.

॥ ઓમશાંતિ ॥

અમૃતધારા

માત્ર એક બાબામાં મન લગાવવાનું ઘણું સરળ લાગે છે.

રાજયોગિની દાદી જાનકીજી, મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



શિવબાબા ક્યાં રહે છે, શું કરે છે તે તો સર્વને ખબર છે. તો એમને યાદ કરવાના છે. યાદ કરવાનું અત્યારે કેટલું સહજ બની ગયું છે. બાબા આપ મીઠા છો, પ્યારા છો, વન્ડરફુલ છો. અમને રાજયોગ શીખવાડવા માટે પરાયા દેશમાં આવો છો. તો આપણે કેટલા ખુશ થઈ જઈએ છીએ. બાબા હું આપની છું, આપ મારા છો.

બાબા ઘણા સારા છે. બાબા અહીં પણ છોડતા નથી. ચાલો, હું બતાવું છું હું કોણ છું કેવો છું. મારું કોણ છે, પરમાત્મા પિતા. સ્વયં ભગવાન મારા છે. મન શાંત, બુદ્ધિ શ્રેષ્ઠ અને સંસ્કાર કલ્પ પહેલાંવાળા. 5 હજાર વર્ષ પહેલાવાળા સંસ્કાર ઈમર્જ થઈ ગયા છે. તેથી તો બાબા કહે છે તમારા મનને મારામાં જોડી દો, તો સંસ્કાર સહજ ઈમર્જ થશે. શિવબાબા ચારે બાજુ ફરે છે તેથી મને તો જ્યાં જુઓ ત્યાં બાબા જ બાબા દેખાય છે. તેથી તો બાબા, બાબા કહું છું. આ સમયે બાબા આપણને જ્ઞાન સંભળાવ્યા વિના રહી શકતા નથી. બાબા મારા, હું બાબાની. મારા બાબા કહીએ છીએ ત્યારે રસ્તો ઘણો સરળ લાગે છે. સહજ માર્ગ છે. માત્ર મન એમાં લગાવવાનું છે. કેટલાયનું મન હજુ સુધી મોહમાં ફસાયેલું છે. કામ, ક્રોધ નથી થોડો લોભ, થોડો મોહ છે. અહંકાર નથી કારણકે અહંકારને સૌએ મારી નાખ્યો છે. તો જેને સારી વાતો સાંભળવી છે તે ભગવાનના મુખથી સાંભળો. તો રાજીખુશી રહેશો કારણ કે બાબાની વાતો એક્યુરેટ હોય છે.

શિવની સાથે આપણી પણ પૂજા થઈ રહી છે ને. આપણે પૂજ્ય તથા પૂજારી પણ બનીએ છીએ. મંદિર પણ આપણે બનાવ્યાં છે. મુરલી સાંભળવા માટે મોટા મોટા હોલ બનાવીએ છીએ. આખો દિવસ રાસ બસ હું બાબાની, બાબા મારા, વન્ડરફુલ બાબા. વન્ડરફુલ બાબાનાં બાળકો છીએ. હું ખુશનસીબ છું. આપ પણ ખુશનસીબ છો. બાબાએ જ્ઞાનનું ત્રીજું નેત્ર આપીને સર્વને ત્રિકાલદર્શી, ત્રિલોકીનાથ બનાવી દીધા. સૃષ્ટિચક્ર, ત્રિમૂર્તિ અને કલ્પવૃક્ષના ચિત્રને જોઈને બુદ્ધિમાં એ આવે છે કે સાક્ષી થઈને, બાબાને સાથી બનાવીને આ બેહદ વેરાયટી ડ્રામામાં પાઠ ભજવવાનો છે. કારણ કે વેરાયટી પાર્ટધારી છીએ એટલે સર્વ બરાબર નથી. નંબરવાર છે. કોઈ નાની છે કોઈ મોટી છે જેમને કોઈ નાની બુદ્ધિવાળા, કોઈ સારી બુદ્ધિવાળા તો કોઈ જાડી બુદ્ધિવાળા છે છતાં પણ બાબાનાં બાળકો છે. આપ સૌ મળીને બાબાના ઘરમાં બાબાની યાદમાં બેસો છો તો સૌ સારું રહે છે, સૌ સારું લાગેછે.

નારાયણને પૂછતી હતી (બાબાના લૌકિક પુત્ર) આજે નારાયણે શરીર છોડ્યું છે જ્યારે તે નાનો હતો બાબાનો પુત્ર હતો ત્યારે નારાયણ મને સારો લાગતો હતો. મારા લૌકિકભાઈને પૂછતી નહોતી કે તમે કોણ છો, ક્યાંથી આવ્યા છો, પણ નારાયણને બહુ પૂછતી હતી. નારાયણે (મરીન ડ્રાઈવ, મુંબઈ)માં ફ્લેટ લીધો હતો. લૌકિક ભાઈનો ફ્લેટ વરલી, મુંબઈમાં હતો. એનું નામ

(અનુસંધાન પેજ નં. 09 પર)

પહેલાં મનના માલિક તો બનો

રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, અધિક મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ

આપણે કહીએ છીએ આજે મારું મન બહુ ખુશ છે. જ્યારે મારું કહ્યું તો હું માલિક છું. માલિક ઈચ્છે તે રીતે તેને ચલાવે. એવું નહીં આપણે બેઠાં છીએ યોગમાં. કોશિશ ઘણી કરી. પણ કોણ જાણે મન ક્યાં ચાલ્યું જાય છે. અરે મારું મન છે તો જ્યાં ઈચ્છું ત્યાં મનને લગાવું. એવું ના બને કે મન મને ઈચ્છે ત્યાં ખેંચી જાય. તો આપણો પાઠ છે હું અને મારાનો હું માલિક છું. આ લક્ષ્યને જો આપણે સ્મૃતિ સ્વરૂપ બનીને બેસીએ છીએ આપણે મનને જ્યાં ઈચ્છીએ ત્યાં લગાવી શકીએ છીએ. મન એકચિત્ત બનીને રહે તો વિદેહી અવસ્થા સહજમાં બની જાય. એના માટે આપણે માત્ર વારંવાર ધ્યાન આપવું પડશે.

લૌકિક જવાબદારી તો જે છે તે સંભાળવાની છે. બાબાની શ્રીમત છે પ્રવૃત્તિમાં રહો સર્વ કાંઈ કરો પણ ટ્રસ્ટી બનીને રહો. ટ્રસ્ટી એટલે તારું (પરમાત્માનું) સમજીને ચલાવવું. જો મારું - મારાપણું છે તો બાબા એને કહે છે ટ્રસ્ટી નહીં ગૃહસ્થી છો.

સદા માટે પોતાની વિદેહી અવસ્થા બનાવવા માટે આ અભ્યાસ ચાલતો રહે. એના માટે આપણે પોતાના ઉપર વારંવાર ધ્યાન આપવું પડશે, ચેક કરવું પડશે કે મારું મન કન્ટ્રોલમાં છે ? ચેક કરવામાં કેટલો સમય લાગે છે - હું મનના વશ છું યા મન મારા વશમાં છે ? અત્યારે મારું કહેવામાં એક સેકંડથી પણ ઓછો સમય લાગ્યો તો વિચારવામાં તો ઓછો સમય લાગશે. તો વચ્ચે વચ્ચે કામ કરવા છતાં પણ પોતાના કામના હિસાબથી નિયમ બનાવવો જોઈએ. કલાક પછી વિચારો, બે કલાક પછી વિચારો, ત્રણ કલાક પછી વિચારો પણ વચ્ચે વચ્ચે વિચારો જરૂર. તો તાર જોડાયેલો રહેશો. નહીં તો તાર તૂટી જશે. પછી તૂટેલા તારને જોડવામાં સમય લાગે છે. અને ઘડી ઘડી તાર તૂટવાની ટેવ પડી જાય છે. એટલે વચ્ચે એક સેકંડ પણ ચેકીંગ કરો. એવું કોઈ નથી કે જેને વચ્ચે સેકંડ મળતી ના હોય. કંઈપણ કરો છો પણ ચેકીંગ તો મનની વાત છે. તે કરી શકો છો. કોઈ કોઈ કહે છે કે ઓફિસમાં અમે યોગમાં બેસવાની કોશિશ તો કરીએ છીએ તો લોકો કહે છે શું કરી રહ્યા છો ? કામ કરી રહ્યા છો કે આંખો બંધ કરીને, આ શું ? આપણે તો આંખો પણ બંધ કરવાની નથી. આ તો મનની વાત છે. એક સેકંડમાં ચેકીંગ કરવાનું છે. એમાં એમને શી ખબર પડે ? ક્યારેક ઘરમાં, કામમાં ફરી આવો છો. આ કામની વાત છે. ચેક કરવું અને ચેન્જ (પરિવર્તન) કરવું.

માત્ર ચેક પણ ના કરો કારણ કે કેટલાક લોકો જે પોતામેલ (હિસાબ) લખે છે જેનું પરિણામ એટલું સારું હોતું નથી તો દિલશિકસ્ત (હતાશ) થઈ જાય છે. પછી વિચારે છે કે મારો યોગ તો લાગતો નથી. આજ સુધી બે વર્ષ વીતી ગયાં છે. એવું જ છે. આપણે તો ના અહીંના રહ્યા ના ત્યાંના રહ્યા. એના કરતાં તો ભોગી સારા છે. ના ચેક કરવાનો અર્થ છે ચેન્જ કરવું. માત્ર ચેકીંગ કરશો તો દિલ શિકસ્ત બની જશો. જ્યારે સારું હોય છે તે દિવસે બહુ ખુશ થઈ જાઓ છો અને થોડું ખરાબ હશે તો વિચારમાં પડી જશો. ચેંજ કરવાની શક્તિ

આપણને બાબાએ આપી છે, મનનો હું માલિક છું.

આત્માના અસલ સંસ્કારો કયા છે તેની સ્મૃતિમાં રહો એમ નહીં કે કોઈ વાત સામે આવી ત્યારે હું કોશિશ કરું. હું વિદેહી બની જાઉં. અશરીરી બની જાઉં. એમ થોડા વિદેહી બનશો. તે માટે નિરંતર અભ્યાસ જોઈએ. આવો અભ્યાસ આપણે કરવાનો છે.

તો જેટલો અભ્યાસ કરશો તેટલો તે સ્વાભાવિક બની જશે. જેમ દેહભાનમાં આવવાનો લાંબા સમયનો અભ્યાસ છે. તે રીતે દેહી અભિમાની બનવું એને કહેવાય છે સ્વાભાવિક યોગ, શક્તિશાળી યોગ. કેટલાક કહે છે કે જ્યોતિર્બિન્દુને યાદ કર્યા પણ તે દેખાતા નથી. લાઈટ માઈટનો કોઈ અનુભવ થયો નહીં. લાઈટ દેખાય તેને યોગ કહેવાતો નથી. બુદ્ધિ દ્વારા અનુભૂતિ કરવી. બુદ્ધિ દ્વારા જે અનુભૂતિ થાય છે તે સદાકાળની થાય છે. હું આત્મા બિંદુ છું. પરમાત્મા જ્યોતિર્બિંદુ છે જે જેવા છે તેવી અનુભૂતિ થાય છે. એટલે વચ્ચે વચ્ચે અભ્યાસ કરતા રહો.

આત્મા કરાવનહાર અને શરીર કરણહાર છે. આની વિસ્મૃતિ થઈ ગઈ છે. શરીર અને આત્માને આપણે મિલાવી દીધાં છે હવે અભ્યાસ કરો કે હું અલગ છું. આ સ્મૃતિ આવવી તેજ જ્ઞાન છે જ્યાં સુધી આ જ્ઞાન નહીં હોય ત્યાં સુધી યોગ લાગશે નહીં.

જ્ઞાનમાં પહેલું ફાઉન્ડેશન (પાયો) છે આત્મ અભિમાની બનો. આત્મા માલિક બનીને કર્મ કરાવો તે પછી પરમાત્મા પિતાની યાદ રહેશે. આત્માનું જોડાણ કોની સાથે છે ? આત્માના કોઈ મા-બાપ, કાકા-કાકી છે શું ? આ તો દેહના સંબંધ છે જે આપણને તેની તરફ ખેંચે છે. આત્માને તો કોઈ પદાર્થની જરૂર નથી. દેહભાનમાં આવવાથી બાબાની યાદ આવતી નથી. આત્મઅભિમાની બનવાથી બાપ સિવાય બીજા કોઈની યાદ આવતી નથી. એટલે દરેક મુરલીમાં કેટલીયે વાર બાબા આ શબ્દો બોલે છે. 'बच्चे, अपने को आत्मा समझ मुझ बाप को याद करो.'

જેનો આત્મ અભિમાની બનવાનો અભ્યાસ હશે, પાક્કો હશે. તેને યોગ સ્વાભાવિક રીતે લાગશે. તો ચેકીંગ કરો અને ચેંજ કરો તો એને કહેવાય છે યોગીજીવન. માત્ર બે કલાકના યોગી નહીં બાકીના 22 કલાક શું થયું ? શરીરના વશમાં આવી ગયા ને? એટલે બાબા કહે છે યોગી જીવન બનાવો. યોગ આપણો સ્વાભાવિક બની જશે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 07નું અનુસંધાન)... અમૃતધારા

મોહન હતું. બાબા એને પ્યાર કરતા હતા. હું વિચારતી હતી કે બાબા આને આટલો પ્રેમ શા માટે કરે છે ? એવું એનામાં શું છે ? એ સમયે બાબાએ કહ્યું હતું આ સ્પેશ્યલ મારો બાળક છે. બાબાને પ્રિય કોણ લાગે છે ? વરલીમાં જ્યારે હું સાગર કિનારે ચાલવા જતી હતી તો સારું લાગતું હતું. ત્યાં ક્યારેક બાંકડા ઉપર બેસી જતી હતી તો કોઈ બુઝુર્ગ ચાલતા હતા. હું એકલી જ સફેદ વસ્ત્રોમાં જોવા મળતી હતી. તો કોઈ આવીને મારી બાજુ બેસી જતા હતા. પછી પૂછતા હતા તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? હું કહેતી હતી નજીકમાં અહીં ઘર છે. આ રીતે સેવા થઈ જતી હતી.

॥ ઓમશાંતિ ॥

રાજયોગનાં આધારભૂત તથ્ય

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



જ્યારે જ્ઞાનવાન અને યોગીજન મળે છે તો પહેલાં પવિત્ર દ્રષ્ટિથી મળે છે અને પછી જ્ઞાન અને યોગના અનુભવોની લેણદેણ કરે છે. જેથી આધ્યાત્મિક ઉન્નતિ થાય અને સમય પણ સફળ થાય.

કેટલીકવાર કોઈ ભાઈબહેન જ્યારે મળે છે તો કહે છે – જગદીશભાઈ, આજકાલ યોગનો કોઈ ગહન અનુભવ થતો નથી. યોગની ગહનતામાં આપણે ચાલ્યા જઈએ, આનંદ, આનંદ, આનંદ અને આનંદ જ હોય, શક્તિ અને શાંતિનો ગહન અનુભવ હોય એવું બનતું નથી. ક્યારેક ક્યારેક થાય છે પણ રોજનો અનુભવ નથી. આ વિષયમાં શિવબાબાએ સમય સમય પર અવરોધોનું કારણ અને એને દૂર કરવાની સહાયક વાતોની તરફ આપણું ધ્યાન ખેંચાવ્યું છે. કેટલીક વાતો મારા ધ્યાનમાં છે તે આપની સમક્ષ મૂકું છું.

ડિટેચમેન્ટ (ન્યારાપણું)

અનુભવ કોઈપણ હોય, લૌકિક યા અલૌકિક એમાં વિશેષ વાત હોય છે ડિટેચમેન્ટ અર્થાત્ ન્યારાપણું. જ્યારે આપણે અનુભવ કરી રહ્યા છીએ. તો એ અનુભવમાં જ સમાયેલા રહીએ છીએ. બાકી વાતોથી ન્યારા હોઈએ છીએ. જેટલો સમય આપણે ન્યારા હોઈએ છીએ, એટલો જ ગહન અનુભવ થાય છે. જ્યારે દેહ, દેહની દુનિયાથી ન્યારા બનીશું ત્યારે અનુભવ થશે. એના માટે બાબાએ કેટલાયે ઉપાયો બતાવ્યા છે. યોગી બનવાનું આપણું લક્ષ્ય છે, જીવન અને સમય આ લક્ષ્ય માટે આપણે લગાવી રહ્યા છીએ તો પછી એનો પૂરો અનુભવ કરવો જોઈએ. આ લક્ષ્યમાં સંપૂર્ણ દિલ લગાવવું જોઈએ. અડધા દિલથી જે કાર્ય કરવામાં આવે છે એનું ફળ પણ પૂરું મળતું નથી. એના માટે બાબાએ બેહદના વૈરાગ્યનું શિક્ષણ આપ્યું છે. બેહદના વૈરાગ્યની ધારણાથી જ સંસારના પદાર્થો, વ્યક્તિઓથી ન્યારાપણું આવશે. દેહને પુરી કહેવામાં આવે છે. જેમ કે શિવપુરી, બ્રહ્મપુરી વગેરે... દેહરૂપી પુરીમાં જે રહેનારા છે તે પુરુષ છે. અહીં આ પુરીમાં રહેવા છતાં ન્યારા બનવું એનું નામ જ યોગ છે.

દેહ, દેહના સંબંધ અને ત્યાં સુધી કે આ દેહનું જગત પણ સ્મૃતિમાં ના આવે. પણ જ્યાં સુધી આપણને જ્ઞાન નથી ત્યાં સુધી આપણે આ સ્થૂળ જગતથી અલિપ્ત ક્યારે બનીએ ?

ઈશ્વરીય જ્ઞાનમાં સમજાવવામાં આવે છે કે એક છે સ્થૂળ જગત, બીજું છે સૂક્ષ્મ જગત અને ત્રીજું છે નિરાકારી જગત. જ્યાં કોઈ શરીરધારી નથી. શરીરથી મુક્ત થયા પછી જ આત્મા ત્યાં જાય છે. જ્યાં પ્રકાશ જ પ્રકાશ છે. અને આ પ્રકાશ પણ આ દુનિયાના પ્રકાશ જેવો નથી. દિવ્ય પ્રકાશ છે. તે છઠ્ઠું તત્વ છે. એ પ્રકાશમાં ચાલ્યા જાઓ ત્યારે આ દુનિયાથી ન્યારા બની જશો. સૌ એક જ ધડાકે પાછળ રહી જશે. કેટલો આનંદ મળશે. ભગવાનના ઘરમાં એક નિરાળો અનુભવ થશે. શિવપુરીમાં એક બાબા, બીજો હું, ત્રીજો કોઈ નહીં. પરંતુ આ સ્થિતિ અભ્યાસ અને વૈરાગ્યથી બને છે. ગીતામાં અર્જુને પૂછ્યું કે મનને કઈ રીતે સ્થિર કરું તો ભગવાને ઉત્તર આપ્યો. કે અભ્યાસ અને વૈરાગ્યથી.

આ બંને એકબીજા સાથે જોડાયેલાં રહે છે.

એકને કરવાથી બીજાની પણ ઉન્નતિ થશે. પુરુષાર્થ કદી પણ વ્યર્થ જતો નથી. મહેનત કદી નકામી જતી નથી. કરતા જાઓ, કરતા જાઓ, કરતા જાઓ. હિંમત ગુમાવશો નહીં. આપ જેટલું કરશો તેટલું આપને પ્રત્યક્ષ ફળ મળશે. પ્રત્યક્ષ ફળ કયું હશે ? આનંદ. સમય અને સ્થાનની સીમાથી પણ આપણે દૂર ચાલ્યા ગયા. સ્પેસથી પાર જવું અર્થાત્ બિયોન્ડ (Beyond) જવું. જેને પરે તે પરે કહેવામાં આવે છે. એના પછી કંઈ પણ નથી કારણ કે તે અંત વગરની દુનિયા છે. આપ સમય અને સ્થાન બંનેથી પાર ચાલ્યા જાઓ. તો આ અનુભવ યોગનો અનુભવ છે.

હું આત્મા છું પરંતુ કેવો આત્મા છું. ક્યાંથી આવ્યો છું, સૃષ્ટિચક્રમાં મારો શો રોલ છે, મારે ક્યાં જવાનું છે, હું કોનું સંતાન છું, મારા મૂળ ગુણ કયા છે? આ સર્વ વાતોના ભાનમાં જોડાઈ જવાથી આત્માનું ભાન બને છે. 'હું આત્મા છું.' માત્ર આટલું વિચારવું વ્યર્થ તો નહીં જાય પરંતુ આત્માનો પૂર્ણ પરિચય સહિત, પૂર્ણ અનુભવ થશે નહીં. સંતો, મહાત્માઓએ ભિન્ન ભિન્ન શાસ્ત્રો દ્વારા પોતાના વિચારો જણાવ્યા પણ સાચી વાત કઈ છે તે ભગવાન જણાવે છે. તેથી હવે સમય અને સ્થાનની હદોથી પાર ચાલ્યા જાઓ અને આત્માની જે વિશેષતાઓ છે – હું જ્યોતિ સ્વરૂપ છું, બિન્દુ રૂપ છું. શિવબાબાનું સંતાન છું. લાઈટ-માઈટ છું. શુદ્ધ છું, નિત્ય છું, બુદ્ધ (બુદ્ધિવાન) છું એના ભાનમાં રહો. જો આપણો યોગ આગળ વધતો નથી, નવા નવા અનુભવો થતા નથી તો એનો અર્થ કે આપણે આ દુનિયામાં યોગ, યોગ, યોગ કરી રહ્યા છીએ પણ આપણે જ્યાં જવું જોઈએ અને બુદ્ધિથી જે કરવું જોઈએ તે કરી રહ્યા નથી.

યોગમાં પરમધામની કલ્પના કરવી પડે છે અર્થાત્ એની તસ્વીર બનાવવી પડે છે. કારણ કે આ આંખોથી તો પરમધામ જોયું નથી. આજે સંસારમાં જેટલી પણ શોધો થઈ છે એમાં ઈમેજ (તસ્વીર) બનાવવાની કળાએ ઘણું યોગદાન આપ્યું છે. બાબા, પરમધામ, પ્રકાશ, આત્મા, આ સર્વની ઈમેજ સૌ લોકો બનાવી શકતા નથી. એના માટે પણ કેટલાંક કારણો છે. લીકેજ (Leakage), વેસ્ટેજ (Wastage) વગેરે જે શિવબાબાએ બતાવ્યાં છે. આપણે બીજાઓને દુઃખ આપીએ છીએ. હેરાન કરીએ છીએ. રડાવીએ છીએ. ભલે સામાવાળો વર્ણન કરતો નથી પરંતુ આપણા સંકલ્પ, વિચાર, હાવભાવ, દૃષ્ટિવૃત્તિ એવાં છે જેને બીજા સમજે છે. આ આપણી ઈર્ષ્યા કરે છે, આપણને આગળ વધવા દેતા નથી. આપણા સારા સૂચનોને પણ કાપી દે છે, લાલચ કરે છે. જો મનમાં ઈર્ષ્યા, દ્વેષ, ઘૃણાના આ પ્રકારના ખરાબ વિચાર હશે તો આપણી કલ્પનાએ પાર ક્યાંથી જશે ? ત્યાર પછી અનુભવ કઈ રીતે થશે ? જો આપણે ઈચ્છીએ છીએ કે આપણને અનુભવ થાય તો બીજાઓની આ વ્યર્થ વાતોને છોડી દો. તેઓને જે કરવું હોય તે કરવા દો. એક જગા એવી છે જ્યાં ન્યાય થાય છે. આપણે શા માટે ચિંતા કરીએ? આપણે બીજાઓને શા માટે જોઈએ ? આપણે આપણું કામ કરીએ.

કબીરની ઝૂંપડી કસાઈની પાસે હતી. પોતાની ઝૂંપડીમાં આવવા જવા માટે એમને એની આગળથી આવવું જવું પડતું હતું. ત્યાં લટકતા માંસને જોઈને એમનો ભગવાનને યાદ કરવાનો બધો આનંદ ખરાબ થઈ જતો હતો. આ શું કરે છે? શા માટે કરે છે? આ વાતોમાં કબીર ફસાઈ ગયા. એક દિવસે એમણે પોતાને સમજાવ્યા કે ''કબીરા તેરી ઝોંપડી ગલ કટિયન કે પાસ, કરેંગે સો ભરેંગે, તૂ ક્યોં ભયા ઉદાસ.'' જ્યારે એમનો દૃષ્ટિકોણ બદલાયો ત્યારે આ બંધનથી મુક્ત થયા.

જેનાથી દુઃખ જ મળે છે એના પ્રત્યે એક

'આહ' નીકળે છે. મનમાંથી નીકળેલી 'આહ' અને 'હાય' ધમણની આગથી પણ તેજ હોય છે. કેટલાક લોકો તો આવાં દુઃખોને લીધે આત્મહત્યા પણ કરી લે છે. તો આવી વ્યક્તિ બુદ્ધિથી પરમધામ કઈ રીતે જઈ શકશે ? કઈ રીતે ઉડશે. કઈ રીતે ફરિસ્તા બનશે? જે શ્રાપિત હશે તે કેટલાંયે લોકો દ્વારા શ્રાપિત હશે. કેટલાક લોકો કોઈ દાન-પુણ્ય કરતા નથી. કોઈનું ભલુ વિચારતા નથી. કોઈના આશીર્વાદ યા દુઆ લેતા નથી. દુઆઓ અને આશીર્વાદ વિના પણ પરમધામ પહોંચવાનું શક્ય નથી એટલે શિવબાબા કહે છે દાન કરો, દાન કરો. બ્રાહ્મણોનો ધર્મ છે દાન કરવું. બ્રાહ્મણ દાન લે છે અને આપે પણ છે. જેનાથી બીજાનું જીવન બને. કોઈને પત્ર લખો, ટેલીફોન કરો, કોઈ વાત કરો, કંઈક આપો, કંજૂસ ના બનશો. પોતાની પાસે રાખશો નહીં. એનાથી જ્ઞાનધન વધશે, બુદ્ધિ વિકાસ પામશે. દુઆ મળશે. યોગ લાગશે નહીં, તો આનંદ ક્યાંથી મળશે? માત્ર બુદ્ધિજીવી બની જશો, લોકો કહેશે કે આ બહુ સમજદાર વ્યક્તિ છે. કેટલાયે ગુણ આવી જશે પણ યોગ નહીં લાગે. કમાણી તો યોગમાં છે. એટલે યોગ જરૂર જોઈએ. તો ન્યારાપણું અનુભવવા માટેનું આ એક તથ્ય છે. બેહદનો અને અનંત ન્યારાપણાનો પણ અનુભવ થશે. મારું કંઈ પણ નહીં. જે પણ છે તે શિવબાબાનું છે. મેં સર્વ આપી દીધું. આ પણ એક ઉપાય છે. બાબા જ મારી દુનિયા છે. આ ભાવ જ્યારે પ્રજ્વલિત થશે ત્યારે અગ્નિની જેમ ઝળહળશે ત્યારે યોગ કેવો લાગે છે. કેવી મસ્તી આવે છે.

Absorption - મગન થઈ જવું.

જે વાતમાં આપનું મન ડૂબી જશે ત્યારે તે અનુભવ પણ એટલો જ ઊંચો, એટલો ગહન હશે એને શિવબાબા એ લગનમાં મગન થવાનું કહ્યું છે. પહેલાં તો લગન હોય કે હું બાબાનો છું. હું યોગી બનીશ. આપણા મનમાં આપણી એવી એવી તસ્વીર હોય કે તે જુઓ, તે જુઓ, ઉપર જુઓ, હું યોગમાં બેઠો છું. હું લાઈટ છું, માઈટ છું. આનંદમાં છું. શાંત છું, શુદ્ધ છું. મારે આ લક્ષ્યને પૂરું કરીને છોડવાનું છે. હું એનાથી ડગીશ નહીં. જેમ કહેવાય છે કે સાચો રાજપૂત એકવાર પોતાના મનમાં વિચારે કે મારે આ કરવું છે તો ભલે ગમે તે થઈ જાય તે ડગતો નથી. રામાયણમાં અંગદનું વર્ણન આવે છે. 'અંગ' એટલે શરીરનું અંગ અને 'દ'નો અર્થ છે આપવું. અંગદ એટલે જેણે અંગ અંગ ભગવાનને આપી દીધું. તે અચલ થઈ ગયો. એને માયા હલાવી શકતી નથી. પોતાને પૂર્ણ રૂપે ભગવાનને સમર્પિત કરી દે એ છે અંગદ. પિંજારાને રૂ પીંજવાના મશીનનો અવાજ ધુન લાગે છે. એ એને પ્રિય છે તે રીતે આપણે પણ બાબાની લગનમાં મગન થઈ જઈએ એ છે યોગ.

Inspiration - પ્રેરણા

સ્વામી વિવેકાનંદ, સ્વામી રામતીર્થ, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, સ્વામી યોગાનંદ વગેરે સૌ પ્રેરણા મેળવેલા હતા. બોલતા હતા તો એમની પ્રેરણા અનેક શબ્દોથી છલકતી હતી. જ્યાં સુધી સ્વતઃ પ્રેરણા ના રહે, ત્યાં સુધી યોગની ઉચ્ચતમ સ્થિતિ બની શકતી નથી. જેમ લાકડાં સળગાવીએ છીએ તો એને ચૂલામાં આગળને આગળ ધકેલતા રહીએ છીએ. સાથે સાથે બીજાં લાકડાં પણ મૂકતા રહીએ છીએ જેથી અગ્નિ પ્રગટેલો રહે છે. બાબા પણ આપણને આ પ્રકારે પ્રેરણા આપે છે. પણ જ્ઞાનમાં ચાલતાં ચાલતાં 'ખબર નહીં, સતયુગ ક્યારે આવશે ?' 'વિનાશ કોણ જાણે, ક્યારે થશે ?' વગેરે વગેરે સંકલ્પોમાં ભાઈ-બહેનોની પ્રેરણા ઢીલી થવા લાગે છે. અને યોગની સ્થિતિ નીચે આવવા લાગે છે.

શંકરાચાર્યે નાની ઉંમરમાં ઘણી ગહનતા-વાળાં અનેક પુસ્તકો લખ્યાં. તેઓ ઘણા મસ્ત

સન્યાસી હતા. એક દિવસ તેઓ પહાડી પર બેસીને તડકાનો આનંદ મેળવી રહ્યા હતા. એમની તબિયત સારી નહોતી. એક માતા મટકીમાં દહીં ભરીને વેચવા માટે અવાજ કરી રહી હતી. 'દહીં લો દહીં.' શંકરાચાર્યે કહ્યું, 'મારે દહીં જોઈએ, મને આપો.' માતાએ કહ્યું ''સારી વાત છે. આવો, લઈ જાઓ.'' શંકરાચાર્યે કહ્યું - ''આજ મારી તબિયત સારી નથી, હું નીચે આવી શકીશ નહીં.'' માતાએ કહ્યું, ''અરે શંકરાચાર્ય તમે તો કહેતા હતા 'અહમ્ બ્રહ્માસ્મિ' આજે તમારી આ હાલત છે કે તમે દહીં લેવા આવી શકતા નથી ? વળી હું પણ માતા છું. મટકી મારા માથે છે પછી તમે પહાડી પરથી ઉતરશો કે કદી નહીં ઉતરો ?'' માતા દ્વારા આ સાંભળતાં જ એમનામાં થોડી શક્તિ આવી. પ્રેરણા આવી કે અરે ! હું કોણ અને હું શું કહું છું ? આ શરીર બીમાર છે અને હું કહું છું કે હું બીમાર છું. હું જ સર્વ લોકોને કહેતો હતો કે ''કોણ છે માતા, કોણ છે પિતા, કોણ છે ભાઈ, આ સર્વ જગના જુઠ્ઠા સંબંધો, ભજ, ગોવિંદ, ભજ ગોવિંદ, ભજ ગોવિંદ'' ''હું સ્વયં આ કહેતો હતો ને આજે શરીરથી પહાડી ચડવા છતાં પણ હું સ્થિતિથી નીચે આવી ગયો.'' જ્યારે શંકરાચાર્યને એવી પ્રેરણા થઈ તો 'અહમ્ બ્રહ્માસ્મિ' કહીને ઊભા થઈ ગયા અને માતાને કહ્યું – ''માતા તમે મારા ગુરુ છો, તમે મને સારો પાઠ ભણાવ્યો.'' એટલે શિવબાબા કહે છે 'માતા ગુરુ' છે.

આવું જ હનુમાન વિશે જણાવે છે. અન્ય પણ કેટલાક છે જે હતોત્સાહ થઈ ગયા પરંતુ જ્યારે એમને પ્રેરિત કર્યા તો હિંમત કરીને આગળ વધી ગયા. બંદા બૈરાગી લક્ષ્મણદેવે પણ રાષ્ટ્ર પ્રત્યેની પ્રેરણાથી સ્વયંનું બલિદાન આપ્યું.

આપણા જીવનમાં પણ આ પ્રકારની પ્રેરણાઓ હોય. આપણે આ સંસારને બદલીશું. કલિયુગમાંથી સતયુગ લાવીશું, મનુષ્યને દેવતા બનાવીશું. અમે જ્ઞાન ગંગાઓ સર્વને પાવન કરીશું. અમે વિકારોને સદાને માટે સમાપ્ત કરીશું. વગેરે વગેરે... જો આવી પ્રેરણાઓ છે તો જ આપણે યોગી બનીશું. ભગવાન પાસેથી ઘણું બધું મેળવવા ઈચ્છીએ છીએ, તો એની મેળે મળી જશે? જો તમારે કંઈક મેળવવું છે, તો કંઈક આપવું પણ પડશે. આપણે લક્ષ્ય રાખીને તેને અચૂક પૂરું કરવું જોઈએ. જો આ પ્રકારની પ્રેરણાઓ ના હોય તો જીવિત અને મૃત માણસમાં શો ફરક ? માત્ર શ્વાસ ચાલવો એજ જીવન નથી. જેમાં કંઈક કરી શકીએ તેવું જીવન હોવું જોઈએ. એના માટે પ્રેરણા જોઈએ. ત્યારે જ અનુભવ થશે. જ્યારે સાહસનાં ભરતી-ઓટ આવશે ત્યારે આપની કાયરતા ભાગી જશે. સાહસનો અનુભવ કઈ રીતે થયો? જ્યારે પ્રેરણા થઈ. અનુભવ હંમેશાં પ્રેરણાથી જ થશે. જીવિત માણસને નહીં પણ જિન્દાદિલ આદમીને જ અનુભવ થશે.

શિવાજી મહારાજનાં માતા એમને કહેતાં હતાં. ''બેટા, તારા પર મને ઘણી બધી આશાઓ છે. તે કહેતા હતા - ''બતાવી દો મા, કઈ આશાઓ છે ?'' માએ કહ્યું - ''જો બેટા ! આ પહાડી પર મોગલોનો ઝંડો ફરકી રહ્યો છે. એમણે ભારત દેશ ઉપર કબજો કર્યો છે. તું આ પહાડી ઉપર જે દિવસે ભગવો ઝંડો લહેરાવીશ ત્યારે મારા આત્માને શાંતિ મળશે. તું મારો લાલ છે. મારા ઘરનો ચિરાગ છે. બોલો, આ કરી શકીશ ?'' શિવાજીએ કહ્યું - ''મા મેં તારું દૂધ પીધું છે, મને શા માટે શરમિંદો કરે છે ? મરી જઈશ પણ એ કરીને બતાવીશ.'' એમની પાસે ફોજ ક્યાં હતી ? નાના નાના બાળકો સહિત મરાઠાઓને એકત્રિત કરીને એમને તાલીમ આપી. ઘોડેસવારી શીખવાડી. મોગલો ઉપર આક્રમણ કર્યું. આ પ્રેરિત હતું. એની ભાવનાઓ જાગી ગઈ હતી. એમને સમજ આવી ગઈ હતી કે મારે શું કરવાનું છે. તેઓ

એ કિલ્લો જીતી લીધો.

મનુષ્યને કોઈ રસ્તો જડે નહીં તે તેનું પતન છે. રોજ એના મનમાં પ્રશ્ન ઉઠશે કે આ કરવાનું છે યા નથી કરવાનું. ક્યારેક વિચારે છે કે - ''પૈસા યજ્ઞમાં લગાવી દઉં. સફળ થઈ જશે. પછી કહેશે, અત્યારે નથી લગાવવા. બાબા કહે છે ને કે પાંચ તત્ત્વો એકી સાથે પ્રહાર કરશે. બે ત્રણ તત્ત્વો એકઠાં થશે ત્યારે લગાવીશ. કરું ના કરું. આ વિચારો માનવના મનમાં ઘૂમતા રહે છે. પણ જેનામાં દૃઢતા છે તે કહેશે ''મારે તો સૌનું ભલું કરવાનું છે. મારે સમગ્ર સંસારને આ સંદેશ આપવાનો છે. એક એક હાડકું ઈશ્વરીય સેવામાં આપવાનું છે. આરામ હરામ છે. આ કામ હું અવશ્ય કરીશ.'' આવી દૃઢતાવાળો યોગી જ સિદ્ધિઓ મેળવે છે.

બ્રહ્માબાબા પોતાનો અનુભવ વર્ણવે છે. ''મને રાત્રે ઊંઘ નથી આવતી. મને ખ્યાલ રહે છે કે આવડા મોટા વિશ્વને સંદેશ ક્યારે મળશે?'' પછી બાબા કેટલીયે વાર બાળકોને પૂછે છે ''બચ્ચે, રાત્રે સારી રીતે ઊંઘ આવી ?'' તો બાળકો વિચારી વિચારીને કહેશે હા બાબા, સારી રીતે ઊંઘ આવી. ત્યારે બાબા કહેતા શું સર્વને સંદેશ આપવા આ બ્રહ્મા જશે. આમ બાળકો જલદી જલદી વિશ્વને ઈશ્વરીય સંદેશ આપે તેવું બાબા ઈચ્છતા હતા.

Emotion - પ્રેમ

ઈમોશન અર્થાત્ 'લવ' બાબા સાથે પ્રેમ હોય. યોગની પરિભાષા આપતાં બ્રહ્માબાબા કહેતા હતા - "It is loveful and purposeful Remembrance of God" પરમાત્માની પ્રેમભરી, ઉદ્દેશ્યપૂર્ણ યાદ જ પ્રેમ છે. આ પરિભાષામાં તો આ ત્રણ શબ્દો Love, Purposeful, Remembrance ઘણા જ મહત્ત્વપૂર્ણ છે. જો પરમાત્મા સાથે પ્રેમ નથી તો જઈને સૂઈ જાઓ કારણ કે પ્રેમ વિના યોગ લાગશે નહીં. તે પ્રેમ પણ ઉત્પન્ન કઈ રીતે થાય? આ એક અલગ વિષય છે. કારણકે કેટલાંકને તો પ્રેમ છે જ નહીં. જો પ્રેમ થઈ જાય તો યોગ જ યોગ છે. આપે વિચાર્યું અને તરત પહોંચી ગયા પરમધામ. બાબા એને યાદની યાત્રા કહે છે. આજ સુધી કોઈએ પણ યોગને યાદની યાત્રા કહ્યું નથી. આ બાબાની Unique Statement - નવી પરિભાષા છે. લોકો તો જે યાત્રા કરે છે તેમાં તો પૈસા ગુમાવે છે પણ સાચી યાત્રા આ છે જેમાં યાદના બળથી આટલે દૂર પરમધામ જઈએ અને અનુભૂતિ કરીએ. આપણી આ યાદની સાચી યાત્રા ઉદ્દેશ્ય પૂર્ણ પણ હોવી જોઈએ. આપણો ઉદ્દેશ્ય હોય કે યાદમાં આપણને લાઈટ-માઈટ પવિત્રતા અને શિવપિતાના સંપૂર્ણ વારસાની પ્રાપ્તિ થાય. જે અભ્યાસમાં ઉદ્દેશ્ય અને લક્ષ્ય ના હોય તે શિક્ષણ કેવું ? જિજ્ઞાસુપણ જ્યારે પ્રથમ વખત સેવાકેન્દ્ર ઉપર આવે છે તો એને પરિચયપત્રમાં આ પ્રશ્નનો ઉત્તર લખાવીએ છીએ કે તમારો અહીં આવવાનો ઉદ્દેશ્ય શો છે ? તો ઉદ્દેશ્યનું જ્ઞાન જરૂરી છે. જો યોગ સારી રીતે લાગતો નથી અને ગહન અનુભવ થતો નથી તો બે વાતો હોઈ શકે છે. યા તો પ્રેમ નથી અને ઉદ્દેશ્ય બુદ્ધિમાંથી સરકી ગયો છે. લક્ષ્ય વિના લક્ષણ આવતાં નથી. લક્ષ્ય અને લક્ષણનો પરસ્પર સંબંધ છે. ચિત્ર અને ચરિત્રનો પણ સંબંધ છે. જો આપના મનમાં ચિત્ર નહીં હોય અને લક્ષ્ય નહીં હોય તો લક્ષણ પણ આવશે નહીં.

રામાયણમાં જેટલાં પણ નામ છે તે સર્વ અર્થ સહિત છે જેમ કે - 'અંગદ', 'સીતા', 'રામ', 'લક્ષ્મણ' વગેરે વગેરે... લક્ષ્મણ અર્થાત્ જેનું મન લક્ષ્યમાં લાગી રહેલું હોય. વાર્તામાં બતાવે છે કે રામને ૧૪ વર્ષ વનવાસ મળ્યો પરંતુ લક્ષ્મણ તો કહ્યા વિના જ એમની સાથે ચાલ્યા ગયા. પણ આ સર્વ તેઓ કઈ રીતે કરી શક્યા ? રામ કોણ ? ભગવાન.

ભગવાનને સાથ એ આપશે જેનું મન લક્ષ્યમાં લાગેલું હશે. નહીંતર છોડી દેશે. યજ્ઞની સ્થાપનામાં એટલાં કષ્ટ આવ્યાં, એટલો વિરોધ થયો, એટલી તકલીફો થઈ. બાબાની સાથે કોણ રહી શક્યા. બાબાના કહ્યા પ્રમાણે કોણ ચાલ્યું? લોકોના વિરોધનો કોણે સામનો કર્યો? જે વાસ્તવમાં લક્ષ્મણ હતા. જેમણે લક્ષ્યમાં પોતાનું મન લગાવેલું હતું. તો આ 'લવકુલ' 'પરપઝકુલ', 'રીમેમ્બરન્સ' અને પ્રેમની 'ઈમોશન' જ્યાં સુધી ના હોય, ત્યાં સુધી યોગ લાગશે નહીં. ભગવાનને યાદ કરવાનો અર્થ શો છે? અહીંથી મનને ઉખાડવું અને એ બાજુ લગાવવું. કોને આ ખબર નથી ? અરે, બાળપણથી, કોઈના શીખવાડ્યા વિના, નાનું બાળક પણ એક જગાએથી હટાવીને બીજી જગાએ સ્નેહ લગાવે છે. પહેલાં માને પ્રેમ કરે છે, પછી બાપને, પછી મિત્રોને, પછી આગળ કોણ જાણે ક્યાં ક્યાં ફરે છે. આજકાલ માનવની બુદ્ધિ ખરાબ છે એટલે મનને જાણે ક્યાં ક્યાં લઈ જાય છે. પણ તે બદલતો તો રહે છે. તો આપણે પણ એટલું જ કરવાનું છે. એટલે બાબા કહે છે કે આ એક સહજ યોગ છે. બાબા કહે છે કે હું આ સહજયોગ એટલે કહું છું કારણ કે એમાં કોઈ મુશ્કેલી નથી. શ્વાસ રોકવાનો નથી. માથું નીચે, પગ ઉપર કરવાનાં નથી. કોઈ તકલીફ નથી. અરે બાળકો ! જે તમારું મન દુનિયામાં ભટકી ગયું છે એને ત્યાંથી હટાવીને એક બાબામાં લગાવો. જોતા નથી, વિનાશ સામે ઊભો છે. બાબાના મહાવાક્યો (મુરલી)માં દરરોજ આવે છે કે આ આંખોથી જે કાંઈ દેખાય છે, તે પત્તાંના મહેલની જેમ પડી જશે. કંઈપણ બચવાનું નથી. શું આ સમજાય છે? જો સમજમાં આવે છે તો પછી શા માટે યાદ કરતા નથી?

નિશ્ચય

યોગાભ્યાસ માટે નિશ્ચય પણ જરૂરી છે. 'સંશયાત્મા વિનશ્યતિ. નિશ્ચયાત્મા વિજયન્તિ.' જો આપણા મનમાં એ સંશય છે કે કોણ જાણે વિનાશ થશે કે નહીં. કારણ કે દુનિયા તો પ્રગતિ કરી રહી છે. વિજ્ઞાન તો નવી નવી ચીજોની શોધો કરી રહ્યું છે. આ વિચારોથી નિશ્ચય થોડો ડગી જાય છે. નિશ્ચય તો શું પણ માનવી હલી જાય છે. એટલે નિશ્ચય અને નિશ્ચયને ટકાવી રાખવાની હિંમત બન્ને જોઈએ. નિશ્ચય માટે બલિદાન આપવા, સામનો કરવા, કષ્ટ સહન કરવા માટે તૈયાર રહેવું એ સાહસ છે. આપણે કહીએ છીએ કે આત્મા અતિ સૂક્ષ્મ છે એમાં કેટલા વિચાર ભરેલા છે ? બાબા કહે છે કે આત્મામાં ૮૪ જન્મોનો ક્ષણ ક્ષણનો પળ પળનો પાર્ટ ભરેલો છે. આ વિચાર આત્માથી પણ સૂક્ષ્મ છે. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં વિચાર આવે છે. આ દુનિયામાં જેટલાં પણ પરિવર્તનો થયાં, પછી તે વિજ્ઞાનના આધારથી આવ્યાં યા કલાના આધારે એની પાછળ આધારભૂત શક્તિ વિચાર જ છે. વિચારમાં ઘણી મોટી શક્તિ છે.

માનવીના જવાથી એના વિચાર પણ ચાલ્યા જાય, એવું બનતું નથી. હા, એવું બની શકે કે એ સમયે વિચારને માન્યતા ના મળે. પરંતુ પાછળથી તો મળશે. આત્મા અવિનાશી છે. તે રીતે અવિનાશી આત્મામાંથી ઉત્પન્ન થતા વિચાર પણ અવિનાશી છે. આપણી બુદ્ધિમાં એ વિચાર દ્રઢ થઈ ગયો છે કે આત્મા શું છે, પરમધામ શું છે, શિવ બાબા કોણ છે. આ વિચારનું અંદરમાં સ્થિર થવું એ જ નિશ્ચય છે. જ્યારે આ વિચાર શક્તિ, નબળી પડી જાય છે તો આપ જોશો કે આપ પણ નબળા પડી જાઓ છો. એને ઢીલા થવા દેશો નહીં. આ આપની પોતાની સંપત્તિ છે. આ નિશ્ચય જ યોગનો આધાર છે.

|| ઓમશાંતિ ||

પ્રસન્નતાના પથ પર

શ્રેષ્ઠ ટેવો દ્વારા ખુશનુમા જીવન

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

વહેલા સૂઈ જવું અને વહેલા જલદી ઉઠી જવું તે માત્ર શરીર માટે જ નહીં પણ આત્માના માટે પણ ફાયદાકારક છે. સવારના સમયે જીવન ઉર્જા માટે પવિત્ર વાયબ્રેશનની માત્રા વધુ હોય છે. જે લોકો ચાર વાગે ઉઠીને રાજયોગ મેડીટેશન કરે છે એમનું જીવન એની મેળે પવિત્ર બની જાય છે. એવો કેટલાંયનો અનુભવ હશે કે નાની નાની વાતો એને પ્રભાવિત કરતી નથી. એમની સહનશક્તિ બીજા લોકો કરતાં વધુ હોય છે. આ મધુવનની પાવનભૂમિ પર જે શુદ્ધ વાયુમંડળ હોય છે તે આપણી ટેવો બદલવામાં ખૂબ ઉપયોગી બને છે. અહીં આવીને કેટલાક દિવસો સવારે ઉઠીએ છીએ તો મનને ઉઠવાની ટેવ પડી જાય છે. મધુવનમાં પડેલી આ ટેવને કાયમ જાળવી રાખવાની છે. આ, આ પાવનભૂમિ પરથી મળેલી સૌથી મોટી પ્રાપ્તિ છે. જે કામને આપણે આપણા ઘેર કરતા નથી તે અહીં આવીને આપણે ઘણી આસાનીથી કરી શકીએ છીએ. એનાથી વધારે સારું શું હોઈ શકે છે કે આપણા જીવનને જીવવાની નવી શૈલી મળી, લક્ષ્ય મળ્યું, દિશા મળી. ક્યારેક વિદેશ જવાનું હોય છે ત્યારે અડધી રાતે ઉઠીને એરોડ્રામ પર જઈએ છીએ. આવી યાત્રા કરવાની હોય ત્યારે જ વહેલા ઉઠીએ છીએ. પણ હવે મેડીટેશન કરવા માટે સવારે ચાર વાગ્યે ઉઠીએ છીએ. તો તે માટે સ્વયંને શાબાશી આપવી જોઈએ. પોતાની જાતને પ્રોત્સાહિત કરવા એ ઘણું જરૂરી છે. એનાથી આપણી આંતરિક શક્તિ વધે છે. સ્વયંમાં ઉત્સાહ વધારવા માટે સવારે વહેલા ઉઠવાની ટેવ પડી જશે. તેથી વહેલા ઉઠવામાં વધારે મહેનત પડતી નથી. બસ રાતે વહેલા સૂઈ જવાની ટેવ પાડવાની છે. સવારે વહેલા ઉઠવાનું હશે, તો રાતે વહેલા સૂઈ જવાનું ધ્યાન રહેશે. સવારે ચાર વાગે ઉઠવા માટે રોજની છ કલાકની ઊંઘ જરૂરી છે.

જીવનશૈલીમાં સૂતી વખતે પણ સાત્ત્વિક હોવું જરૂરી છે. સવારે ઉઠીને મેડીટેશન કરતી વખતે આખા દિવસની દિનચર્યા આંખો સામે આવી જાય છે. એ વખતે જેનું તનાવયુક્ત મન છે તેઓ તો સૂઈ રહેલા હોય છે. તેથી અમૃતવેળાએ વાયુમંડળમાં પ્રદૂષણ હોતું નથી. જ્યારે આપણે બહારગામ જવાનું હોય છે ત્યારે કહીએ છીએ કે વહેલા ઉઠીએ તે વખતે રસ્તામાં ટ્રાફીક હોતો નથી. જો ઈન્ટરનેટ પર કોઈ ફાઈલ ડાઉનલોડ કરવાની હોય છે તો તે સવારે કરીએ છીએ કારણ કે તે વખતે ઈન્ટરનેટ ઉપર વધારે ટ્રાફીક હોતો નથી. તો જે કંઈ સારી સારી વાતો વિચારવાની છે તે સવારે વિચારો. તે વખતે વાયુમંડળનો તથા મન અને બુદ્ધિનો રસ્તો સાફ હોય છે. સવારના ચિંતનમાં ઘણી ગહન વાતો સામે આવે છે. જે કામકાજ માટે ઘણી ઉપયોગી હોય છે. પરીક્ષા વખતે માતાને કહીએ છીએ મને વહેલા ભણવા માટે ઉઠાડજો. એ રીતે સૂતી વખતે બાબાને કહીએ મારા પ્રાણપ્યારા મીઠા મીઠા બાબા, હું આપની ગોદમાં વિશ્રામ કરું છું. મને સવારે અમૃતવેળાએ ઉઠાડી દેજો. ગૂડ નાઈટ બાબા.

(અનુસંધાન પેજ નં. 06 પર)

આધ્યાત્મિક શક્તિથી

આપણું જીવન અને સમાજ, સુખી અને સમૃદ્ધ બનશે.

માનનીય ભ્રાતા રામનાથ કોવિંદ ભારતના રાષ્ટ્રપતિ

ભારતના રાષ્ટ્રપતિ ભ્રાતા રામનાથ કોવિંદજીએ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના મહા-સંમેલનમાં પ્રવચન કરતાં કહ્યું કે દાદીજીએ સૌને સચ્ચાઈ, સફાઈ અને સાદગી રાખવાનો મહામંત્ર આપ્યો છે. જો એને જીવનમાં અપનાવી લેવાય તો એનાથી જીવન અને સમાજની સમસ્યાનું સમાધાન સંભવ થઈ જશે. સમગ્ર વિશ્વ શાંતિની શોધ કરી રહ્યું છે. માનવ જન્મથી મૃત્યુ સુધી શાંતિની શોધ કરે છે છતાં પણ શાંતિ મળતી નથી. શાંતિ મનનો અનુભવ કરવાની ચીજ છે. ઉપાસના અને પૂજા પદ્ધતિ શાંતિનું પહેલું ચરણ છે. જો જીવનમાં નૈતિકતા અને મૂલ્યોનો વિકાસ થયો છે તો તે શાંતિ તો તે શાંતિના પ્રથમ ચરણના વિકાસનું પ્રમાણ છે. બીજું ચરણ છે અધ્યાત્મ સમદૃષ્ટિ અને સમભાવ ઉત્પન્ન થવાથી સમજવું જોઈએ કે આપણે અધ્યાત્મના સાચા માર્ગ ઉપર ચાલી રહ્યા છીએ. પિતાશ્રી બ્રહ્માબાબાએ આજીવન મનુષ્ય રૂપી હીરાને ચળકાટ આપનું કાર્ય કરતા રહ્યા જેનાથી સતયુગી સૃષ્ટિનું નિર્માણ થઈ શકે. રાષ્ટ્રપતિજીએ કહ્યું કે પરમ આદરણીયા દાદીજીના આશીર્વાદ મેળવીને સ્વયંને ગૌરવાન્વિત અને ભાગ્યશાળી અનુભવું છું.

એમણે બ્રહ્માકુમારી શિવાનીબહેનની પ્રશંસા કરતાં કહ્યું કે તેઓ સંબંધોમાં માનવીય વૃત્તિને તાર્કિક અને એક નવા દૃષ્ટિકોણથી વિશ્લેષણ કરીને સમાજને એક નવો પથ બતાવી રહ્યાં છે. મહિલાઓને સમાજમાં આગળ વધારીને સામાજિક પરિવર્તન સંભવ છે. એમણે કહ્યું કે બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીએ મહિલાઓને સન્માન અપાવવા માટે મંત્રીમંડળમાંથી રાજીનામું આપી દીધું હતું. એમણે લોકોને આવાહ્ન કર્યું કે તેઓ નારીઓ પ્રત્યે અત્યાચાર અને ભેદભાવની સમાપ્તિ માટે આગળ આવે. એમણે કહ્યું કે એક શિક્ષિત મહિલાનું સંતાન કદી અશિક્ષિત હોય નથી શકતું. સમાજના સમગ્ર વિકાસ માટે જનધન યોજના, કૌશલ વિકાસ વગેરે યોજનાઓ બહુ લાભકારી સિદ્ધ થઈ છે. વર્તમાન સંસદમાં 78 મહિલા સાંસદોને ચૂંટવામાં આવ્યાં તે ઘણો જ સુખદ સંકેત છે. નારીઓ પ્રત્યે સન્માન અને સુરક્ષાની ભાવના પ્રદાન કરવામાં આપણા સૌની જવાબદારી છે. એમને એ જાણીને અત્યંત ખુશી થઈ રહી છે કે બ્રહ્માકુમારીઝ સંસ્થાએ સમગ્ર વિશ્વમાં ભારતનું ગૌરવ વધાર્યું છે. એમણે આશા વ્યક્ત કરી જીવન અને સમાજ સુખી અને સમૃદ્ધ થશે.

॥ ઓમશાંતિ ॥

- **ફળની રાહ જોયા વગર સદા શુભ ભાવનાનાં બીજ દરેક આત્મામાં નાખો.**
- **પોતાને સુધારવા માટે ધ્યાન આપો. દૈવી ગુણ ધારણ કરો. બાપ કદી કોઈના ઉપર નારાજ થતા નથી. શિક્ષણ આપે છે. એમાં ડરવાની વાત નથી.**

સુખી જીવનના પથ પર

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

સંસારમાં સૌ કોઈ સુખોની શોધ કરે છે. કોઈ સુખ મેળવવા ધનની પાછળ દોડે છે તો કોઈ વૈભવોની પાછળ દોડે છે. કોઈ સફળતા મેળવીને સુખી બને છે તો કેટલાક સંબંધોમાં પ્રેમ મેળવીને સુખી થાય છે. કોઈને સારું નિવાસસ્થાન મળી જાય, તો તે પોતાને સુખી સમજે છે. જેના મનની જે ઈચ્છા હોય, તે સાકાર થતાં મનુષ્ય સુખનો અનુભવ કરે છે પણ જે સુખ અન્યના આધાર પર મળે છે તેનાથી સુખી થઈ શકાતું નથી, કારણ કે આધાર ચાલ્યો જતાં, સુખ દુઃખમાં પરિણમે છે. દિવસે દિવસે સંસારમાં દુઃખ વધી રહ્યું છે. જેને પણ મળો, તે પોતાના દુઃખની કથા કહેવાનું શરૂ કરી દે છે. વિશેષ રૂપે પરિવારના સંબંધોમાં દુઃખ જલદીથી વધી રહ્યું છે. જો કે કેટલાંક મનુષ્યોનાં કર્મ અને સંસ્કાર જ કારણ ભૂત છે. તો બીજાઓનો સ્વાર્થ અને દુર્વ્યવહાર પણ એનું મૂળ કારણ છે.

સ્વયંને બદલો

આપણને સુખ જોઈએ છીએ તો આપણે સ્વયંને બદલવા પડશે. જો આપણે આપણા દુઃખોનું કારણ બીજાઓમાં શોધતા રહીશું, તો કદી પણ સુખી થઈ શકશું નહીં. આપણે એ યાદ રાખવું જોઈએ કે આપણી સાથે જે કંઈ થયું છે તેના જવાબદાર આપણે જ છીએ. સ્વયંને સહનશીલ બનાવવા, સ્વયંની વાત કરવાની ઢબ પણ મધુર બનાવવી, સ્વયંના સંસ્કારોને સરળ તથા સુખદાયી બનાવવા આ સુખી રહેવાની વિધિ છે. આપણે બદલીશું, તો બીજાઓ પણ બદલાશે. જો આપણે બીજાઓને બદલવાની રાહ જોઈશું, તો તેઓ પણ આપણા બદલવાની રાહ જોશે. આ રાહ જોવાની ઘટના ક્યારેય પૂરી નહીં થાય. એક માણસ વિચારે છે કે બીજી વ્યક્તિ કડવું બોલે છે, તેથી મારું સુખ નષ્ટ થઈ જાય છે. તે મીઠું બોલે, તો હું સુખી રહું. પણ જો તે મીઠું નહીં બોલે, તો શું તમે જીવનભર દુઃખી જ રહેશો. ના તે કડવું બોલતો રહે, આપણે આપણી સહનશક્તિ વધારી દઈએ, તો સુખી બનીશું.

આપણે જેવું બોલીશું, તેવું જ સાંભળીશું. આપણે સુખ આપીશું, તો સુખી બનીશું. દાતા બનીશું તો સુખી રહીશું.

લાગણીશીલ ના બનો

આજે મનુષ્યનું મન એટલું નિર્બળ થઈ ગયું છે કે તે થોડી થોડી વાતમાં વધારે વિચારે છે. એને લાગણીશીલ સ્વભાવ કહે છે. કેટલીય કન્યાઓ વિશેષરૂપે વધારે લાગણીશીલ હોય છે કારણ કે તે બીજાઓ પાસે વધારે અપેક્ષા રાખે છે. એને પરિણામે દરેક વાતનો પ્રભાવ એમના મસ્તિષ્ક પર પડે છે. એનાથી તે વધારે દુઃખી રહે છે. તેઓ તૃષિત નજરોથી બીજાઓ તરફ જુએ છે કે કોઈ એને પ્રેમ આપે, સન્માન આપે. આપણે સ્વયંને એટલા શક્તિશાળી બનાવવાના છે કે કોઈ પણ વાત આપણા મસ્તિષ્કમાં પ્રવેશે નહીં. એટલા માટે સ્વયંને વિશાળ હૃદયી બનાવીએ. કોઈ આપણને કંઈ પણ ના કહે એવા નાજુક ના બનો. એનાથી અંદરમાં ડર પણ વધે છે અને વીલપાવર પણ નષ્ટ થાય છે.

એટલા ખુલ્લા દિલના બનીએ કે સંસારમાં કોઈપણ આપણી ખુશી છિનવી ના શકે. હસીને સર્વ વાતને સમાપ્ત કરી દઈએ. એટલા માટે ઈશ્વરીય જ્ઞાન લઈને એનું ચિંતન કરીએ. એનાથી વિચાર વિશાળ બનશે. આપણે નાની નાની વાતોમાં લાગણીશીલ બનીશું નહીં. સંકલ્પ કરો કે મારે કોઈ વાતથી લાગણીશીલ બનવું નથી. તો સદા સુખી રહીશું. શક્તિશાળી બનવા માટે શક્તિશાળી સંકલ્પ, સ્વમાન તથા રાજયોગનો અભ્યાસ જરૂરી છે. હું શક્તિવાનનું સંતાન માસ્ટર સર્વશક્તિમાન છું. આ સ્મૃતિ આપણને શક્તિશાળી બનાવશે. સર્વ શક્તિવાન મારી સાથે છે આ નશો લાગણીશીલતાને ખતમ કરશે. પરંતુ આ બંને સ્મૃતિઓ ઓછામાં ઓછી દસ વાર તો કરવી જ પડશે.

સંતુષ્ટ આત્મા બનો

संतोषम् परम सुखम् મનુષ્યની અસીમિત ઈચ્છાઓ એના દુઃખોમાં વૃદ્ધિ કરી રહી છે. ઈચ્છાપૂર્ણ કરવા માટે એનાં ધન, સંકલ્પશક્તિ તથા સમય નષ્ટ થાય છે. એનાથી મન નબળું થાય છે અને મહેનત પછી જ્યારે ઈચ્છા અપૂર્ણ રહી જાય છે તો દુઃખમાં વધારે વૃદ્ધિ થાય છે. એટલા માટે યાદ રાખો - જેટલી ઈચ્છાઓ ઓછી એટલું જ સુખ વધારે. બ્રહ્માવત્સ સ્વયંને પૂછે કે શું ભગવાનને મેળવીને આપણે સંતુષ્ટ થયા. જો કોઈ મનુષ્ય ભગવાનને મેળવીને પણ સંતુષ્ટ ન હોય તો એને શું કહીશું ? જે કંઈ આપણી પાસે છે એને સહજભાવે પ્રાપ્ત કરવામાં લાગી જાઓ. જે કંઈ આપણી પાસે છે એનો આનંદ માણો અને સંતુષ્ટ રહો. જે કંઈ આપણી પાસે નથી એને સહજભાવથી પ્રાપ્ત કરવામાં લાગી જાઓ. કેટલાક મનુષ્ય વર્તમાનનો પણ આનંદ લઈ શકતા નથી. અને ભવિષ્ય માટે એટલા ભાગે છે કે તેઓ પરેશાન રહે છે.

સ્વીકાર કરી લો

જેમ જેમ સંસારમાં પાપ વધતાં જશે તેમ તેમ દુઃખો પણ વધતાં જાય છે. જેનું પુણ્યનું ખાતું વધારે હશે તેટલા તે સુખી રહેશે. આ કલિયુગનો અંત છે. અહીં બીમારીઓનો પ્રકોપ પણ વધતો જાય છે. બીમારીઓમાં જેટલા હળવા રહીશું તેટલી બીમારીઓ જલદીથી દૂર થશે.

આપણે મહાવિનાશની તરફ આગળ વધી રહ્યા છીએ જેનો આપણે સ્વીકાર કરવો પડશે. સ્વયંને તૈયાર પણ કરવા પડશે. આપણે ખુશીથી પાપ કર્યાં છે. તો ખુશીથી ભોગવવાં પણ પડશે. આ સૃષ્ટિ ઉપર જે કંઈ બનશે એમાં કોઈનું કંઈ ચાલી શકશે નહીં. તો આવો અત્યારથી જ આપણે દુઃખોથી મુક્ત થવાનું શીખી લઈએ. ॥ **ઓમશાંતિ** ॥

યોગ-વિયોગ

બ્ર.કુ. ગોવિંદભાઈ, મેમનગર, અમદાવાદ.

વિયોગથી છૂટો પડી, હું યોગથી જોડાઈ ગયો,
ગઈ હતાશાને નિરાશા, મુજથી તે ભાગી હવે,
નવપ્રેમ અંકુરો ફૂટ્યાં, તૂટેલ હૈયે મુજ તણા,
આનંદ આવ્યો દોડતોને, થનગનાટ થયો દિલે.
આ તન-મન નાચી ઉઠ્યાં, પહેલાં હતાં મર્કટ સમાં,
અંધકારને ઉલેચી એક દિવ્ય પુંજ આવી મળ્યો.
જ્યાં જ્યાં ફરું, ત્યાં ત્યાં બધે, હર કાર્યે સ્મૃતિ રહે,
હું આ નથી, તું તે નથી, અહીં જે દિસે તે વ્યર્થ છે.
આ ચર્મચક્ષુની દૃષ્ટિ વડે, મેં દીઠાં દૃશ્યો બધાં,
તે તે બધાંને ભૂંસતો, હું કંઈ અગોચર ભાળતો.
અજ્ઞાન અંધાર ઉલેચતો ખુદ શક્તિ બની ગયો,
અસમર્થ ત્યજી સમર્થ બન્યો, ઝોળીઓ ભરપૂર બની.
એ આપતો રહ્યો, હું વહેંચતો રહ્યો.
ભંડાર પ્રભુનો પ્રેમથી, બધે લૂંટાવતો રહ્યો.
॥ **ઓમશાંતિ** ॥

અદ્વૈતનો આનંદ

બી.કે. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

પ્રાણ પ્યારા બાબાએ અમારું ઘણા સુખથી પાલનપોષણ કર્યું. બાબાની સાથે અમને ક્યારેય કોઈ ચીજનો અભાવ રહ્યો નહોતો. હું તો બાળપણથી જ બાબાની. એમ કહેવામાં આવે છે કે 'उत्सवप्रिया खलु जनाः' મનુષ્યાત્મા મૂળ રૂપે સત્ય છે. ચૈતન્ય છે આનંદ સ્વરૂપ છે. જીવનમાં આનંદ છે તો જીવન સારું લાગે છે. સ્વથી લઈને સર્વમાં મનુષ્યને આનંદ જોઈએ. આધ્યાત્મિક જીવનમાં આનંદની અનુભૂતિ થાય છે તેથી જ તો આપણે જીવનપર્યંત આધ્યાત્મિક જીવન જીવી શકીએ છીએ.

સાચો આનંદ અંતરની અનુભૂતિમાં

એ વિચારવા જેવી વાત છે કે મોટા ભાગના સંન્યાસી, મહાત્માઓના નામમાં આનંદ શબ્દ જોડાયેલો હોય છે. જેમ કે સ્વયંના સ્વરૂપમાં આનંદ અનુભવનારમાં નિજાનંદ, આત્માનંદ, સ્વરૂપાનંદ નામ જોવા મળે છે. ધર્મ, અધ્યાત્મમાં આનંદ અનુભવ કરનારને ધર્માનંદ, અધ્યાત્માનંદ, પરમાનંદ, તદ્રુપાનંદ કહેવામાં આવે છે. સત્ય, પવિત્રતા, જ્ઞાનમાં આનંદની અનુભૂતિ કરનાર સચ્ચિદાનંદ, સત્યમિત્રાનંદ, વિશુધ્ધાનંદ, મુક્તાનંદ વગેરે નામોથી ઓળખાય છે. સન્યસ્ત જીવન વૈરાગ્ય, ત્યાગ, તપ, તથા ઉપરામવૃત્તિનું પ્રતીક છે. મોટા ભાગના લોકો આ પ્રકારના જીવનને નીરસ, શુષ્ક તથા અસ્વાભાવિક સમજે છે. પણ એમનાં નામ એમના આનંદ શબ્દ સાથે જોડાયેલાં છે. એનાથી સ્પષ્ટ છે કે સાચો વિવેકપૂર્ણ આનંદ અંતરની અનુભૂતિમાં છે. સ્વયંના સત્ય સ્વરૂપમાં છે. બાહ્ય વ્યક્તિ, વસ્તુ, સ્થાન યા ક્રિયામાં છે.

કાર્યપરાયણ થવામાં કાર્યકુશળતા આવે

આપણે સૌ પોતાના અનુભવોને પણ જોઈએ. જ્યારે કોઈપણ કાર્ય સાથે એકાકાર થઈ જઈએ છીએ તો એમાં આનંદનો અનુભવ થાય છે. અડધા - અધૂરા મનથી કાર્ય કરીએ છીએ તો આનંદ મળતો નથી. આપણે એ કાર્ય સાથે તદ્રુપ થવાનું છે. આપણને પ્રત્યેક કાર્યમાં આનંદ મળતો નથી ત્યાં સુધી એ કાર્યને લાંબા સમય સુધી આજીવન કરી શકતા નથી. કાર્ય મન વગર, ભારે થઈને કરીએ છીએ તો એ કાર્યમાં અનેક પ્રકારની ખામીઓ રહી જાય છે. તેથી તેમાં જોઈએ તેવી સફળતા મળતી નથી. કાર્યમાંપરાયણ થઈએ છીએ ત્યારે કાર્યકુશળતા પણ આવે છે. આપણું કાર્ય પ્રશંસનીય, મહિમાયોગ્ય અને ઉદાહરણરૂપ બની જાય છે. યથાર્થ વિધિ અને રીતિથી કાર્ય કરવાથી જ ખુશી મળે છે. કાર્ય વારંવાર કરવાનું મન થાય છે.

પરમાત્મામાં અનન્યભાવથી અતીન્દ્રિય સુખ મળે

ભક્ત પણ ભક્તિ કરતી વખતે મનથી ભટકતા રહે છે તો એને મજા આવતી નથી. ભલે તેઓ બાહ્યરૂપથી ક્રિયાકાંડ કરતા રહે છે પણ આત્મસંતોષ મળતો નથી. જ્યારે પરમાત્મા સાથે લગન લાગી જાય છે પરમ યાદ પ્રેમમાં અનન્યભાવ આવી જાય છે ત્યારે જ આપણને અતીન્દ્રિય સુખ અને ઈશ્વરીય આનંદનો અનુભવ થાય છે. પછી દુન્યવી સુખો ફિક્કાં લાગે છે. તેથી ભક્તિમાં પણ

અવ્યભિચારી ભક્તિ, નવધાભક્તિનું ગાયન છે. ભક્ત પોતાના અસ્તિત્વને પૂર્ણ રીતે પરમાત્મા પ્રત્યે સમર્પિત કરી દે છે ત્યારે એને સાક્ષાત્કાર થાય છે. ત્યારે એમણે સેવેલી મનોકામના પૂર્ણ કરી શકે છે. પ્રભુસ્મૃતિ વખતે દૈહિક, પાર્થિવતાથી અલગ થતાં જ્યાં સુધી પરમરસમાં આપણે ડૂબી જતા નથી ત્યાં સુધી ઉચ્ચકક્ષાની સાધનાની પરિસ્થિતિ બનતી નથી. સાધનાની ઉત્કૃષ્ટતામાં જ મૌલાઈ મસ્તીનો (ઈશ્વરીય પ્રેમમાં તરબોળ) દિવ્ય અનુભવ થાય છે.

ઐક્યભાવમાં આનંદ

ભારતનો ઈતિહાસ અનુભવ સિધ્ધ ભક્તો, સંતો, યોગીઓનો દિવ્ય ચરિત્રોથી ભરેલો છે. જેમ કે કબીર, સૂરદાસ, રૈદાસ, રહીમ, તુલસીદાસ, મીરાબાઈ, નરસિંહ મહેતા, તુકારામ, જ્ઞાનદેવ, અક્ક મહાદેવી, તિરવલ્લુવર વગેરે પોતાના ઈષ્ટદેવમાં એકરૂપ બની ગયા. જ્યારે ઐક્યભાવ બન્યો તો આનંદમાં નાચી ઉઠ્યા. ભાવાતિરેકની અવસ્થામાં જ અનહદ આનંદ મળ્યો. એમને પરિવાર અને સમાજ તરફથી મળેલાં સીતમ પણ પ્રસાદ બની ગયાં. વિરોધ અને અત્યાચારની પરિસ્થિતિઓમાં પણ તેઓ હાર્યા નહીં. તેઓ વધારે પોતાના લક્ષ્ય પ્રત્યે આગળ વધ્યા. આંતરિક વિચારોનું, ભાવોનું, ભાવનાઓનું તાદામ્ય પરમાત્મા સાથે સધાઈ જાય છે ત્યારે આપણામાં સ્વાભાવિક રીતે નિર્ભયતા, ધીરજ, સહનશીલતા, સ્થિરતા વગેરેની ધારણા થાય છે.

ભક્તિના આદિકાળમાં થયેલા ઋષિ મુનિઓએ જ્યારે પરમાત્મા સાથે અદ્વૈત રચ્યું ત્યારે સર્જનાત્મકતાના, રચનાત્મકતાના એમનામાં નવીન વિચાર ઉત્પન્ન થયા. નવા નવા વિચાર દુનિયાની સામે રજૂ કર્યા. એક વૈજ્ઞાનિક પણ પોતાના સંશોધનકાર્યમાં એટલો ખોવાઈ જાય છે જેથી તેને સત્ય પ્રાપ્ત થાય છે અને ખુશીથી ભરપૂર બની જાય છે. એને દુન્યવી માન-શાન મોજ-મજાનું આકર્ષણ રહેતું નથી. આપણે કહી શકીએ છીએ કે આવા સંશોધન કાર્યમાં જોડાયેલા વૈજ્ઞાનિક પણ એક પ્રકારના તપસ્વી છે, સાધક જ છે. જેઓ પ્રકૃતિના પાંચ તત્વો પ્રત્યે એકાગ્ર હોય છે સત્યની શોધ કરે છે અને પ્રકૃતિ જગતનાં રહસ્યોને પ્રત્યક્ષ કરે છે. આજે માનવ સમાજને જે સુખ સગવડનાં સાધનો મળ્યાં છે તે આપણા વૈજ્ઞાનિકોની સાધનાનું ફળ છે. જો તેઓ પોતાના સંશોધનકાર્યમાં, પ્રયોગશાળામાં પોતાનો સંસાર સમજતા નહોતા એમાં રચ્યાપચ્યા રહ્યા ના હોત તો જીવન આટલું સુવિધાજનક બન્યું ના હોત.

વિવિધતામાં પણ આનંદ છે.

આપણા પરસ્પરના સંબંધોમાં, પરિવાર સમાજમાં, સંસ્થા-સંગઠનોમાં એકતા હોય છે ત્યારે તો આપણે હળી મળીને વિચાર કરી શકીએ છીએ. સંસાર તો વિવિધતાપૂર્ણ છે. સૃષ્ટિનાટકમાં મનુષ્યની સાથે પશુ-પક્ષી, જીવ-જંતુ, વૃક્ષ-લતાઓ પણ છે. દરેકની પોતાની સુંદરતા છે. આ વિવિધતામાં મેળ બેસે છે ત્યારે આ નાટકમાં સુખ-આનંદ મળે છે. જ્યારે એની પારસ્પરિક સંવાદિતા બગડે છે ત્યારે આ ભૌતિક જગતના જીવનમાં દુઃખ તકલીફ શરૂ થાય છે. આપણે જીવાત્માઓ ભિન્ન ભિન્ન સ્વભાવ સંસ્કારવાળા છીએ પરંતુ વિવિધતામાં જ આનંદ છે. આપણે સૌ એક જ પ્રકારના નમૂના હોત, કાર્બન કોપી હોત તો વિચારો શું છે સારું લાગત ? કેટલો નીરસ અને મૂંઝવણ ભરેલો ખેલ (ડ્રામા) બની જાત ? વિવિધ નામ, રૂપ, ગુણ, કર્મવાળા હોવા છતાં પણ જ્યારે આપણા આંતરિક આત્મસ્વરૂપના મૂળભૂત - શાંતિ, આનંદ, પ્રેમ, જ્ઞાન, શક્તિ વગેરે ગુણોના આધારે સામંજસ્ય બને છે. આપણને એકબીજાને સહયોગ મળે છે તેની સાથે શક્તિ પણ મળે છે. જેથી આપણે મુશ્કેલકાર્ય સરળતાથી પૂર્ણ એકલો

માનવ બધું કરી શકતો નથી. જ્યાં માનવ અને પ્રકૃતિમાં, માનવ-માનવ વચ્ચે ભાવોમાં વિચારોમાં, ઉદ્દેશ્યોમાં, કાર્યપધ્ધતિમાં ઐક્ય-ન્યાયોચિત્ત સમાનતા રહે છે ત્યાં કાર્યને સંપન્નતા અને સફળતાનો આનંદ મળે છે.

સંસ્કાર મિલનનું સુખ

આપણા પારિવારિક જીવનમાં સંસ્કારોનો રાસ મળે છે ત્યારે તો સુખનો અનુભવ થાય છે. શારીરિક રૂપથી સર્વ સૌ સાથે રહે છે પરંતુ જ્યારે મનમેળ હોતો નથી ત્યારે સંબંધ બંધન બની જાય છે. ઘર યુદ્ધનું મેદાન બની જાય છે. પરિવાર સમાજ સાંકળ (બંધન) લાગે છે. આ સૌ આનંદદાયી, ઉત્સાહવર્ધક, શક્તિદાયક ત્યારે જ બને છે જ્યારે પરસ્પર મનમેળ હોય છે. જ્યારે કોઈપણ આપણો પરસ્પર અદ્વૈત અભિપ્રાય હોય છે, મનમેળ હોય છે ત્યારે દરેક પરિસ્થિતિમાં આનંદનો અનુભવ થાય છે. આપણા જીવનનો બાહ્ય-ભૌતિક હાલ સાધારણ હોય તો અંતરના ઐક્યથી આનંદવિભોર બનીએ છીએ.

દેખાડો, બનાવટ અસ્વાભાવિક બનાવે છે.

આપણા આંતરિક વ્યક્તિત્વમાં પણ જ્યારે દ્વન્દ્વ છે ત્યાં સુધી તનાવ, અશાંતિ, મૂંઝાઈ જવાની સ્થિતિ બનેલી રહે છે. આપણે વિચારીએ છીએ કંઈ, બોલીએ છીએ કંઈક અને કરીએ છીએ ત્રીજું. તો આપણે સ્વયં જ સ્વયંથી સંતુષ્ટ અને પ્રસન્ન રહેતા નથી. તો આપણી કથની-કરનીમાં, આપણા વિચારોમાં, વાણી-વ્યવહારમાં સમાનતા, અંદર બહાર એકરૂપતા જરૂરી છે. જ્યાં બેવડું વ્યક્તિત્વ છે ત્યાં દેખાડો, બનાવટ સ્થાન લે છે. જે આપણી આંતરિક અસલી શુદ્ધિ, સત્ય આત્મસ્વરૂપથી વિપરીત છે. એટલા માટે આપણે સાહજિક રીતે રહી શકતા નથી.

સત્યની સાથે એકમત થઈ જઈએ

આપણે આત્માઓ પોતાના મૂળ સ્વરૂપમાં સત્ય છીએ, શુદ્ધ છીએ, અવિનાશી છીએ એટલે જ્યાં સુધી સત્યના આધાર પર, શુદ્ધ વિધિથી સદાકાળ માટે પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી સદાકાળના સુખ આનંદનો અનુભવ કરી શકતાં નથી. સત્ય ઈશ્વરીય જ્ઞાનના આધાર પર જ આપણે અદ્વૈત સ્થિતિ રચી શકીએ છીએ. આપણો વ્યક્તિગત અભિપ્રાય જુદો હોય, તેમાં ભિન્નતા હોઈ શકે છે પરંતુ સત્યની સાથે આપણે એકમત થઈ જવું જરૂરી છે. તેનો નિર્વિકલ્પ થઈને સ્વીકાર કરી લેવો જોઈએ. આપણો અહં વચ્ચે ના લાવતાં એક મતનો સ્વીકાર કરી લેવો જોઈએ. સુંદર અને સાચા વિચારોમાંથી બહુમતિથી કોઈ એક મતનો સહર્ષ સ્વીકાર કરી લેવો જોઈએ. જ્યાં અંધશ્રદ્ધા અને અજ્ઞાનતા ના હોય. વ્યર્થ તર્ક વિતર્ક શક્તિને બરબાદ કરે છે. અદ્વૈત સ્થિતિ બનવાથી દૃઢતા અને શક્તિથી કાર્ય સંપન્ન કરી શકીએ છીએ.

ચાલો, આપણે સૌ એકમત, એકવ્રતા બનીને અદ્વૈતભાવ અને સ્થિતિનો આનંદ લેતાં એકરસ બનીએ. ॥ **ઓમશાંતિ** ॥

(પેજ નં. 23નું અનુસંધાન)... દિવ્યદર્શન

અગ્નિ'નું પ્રતીક છે. અતઃ ખરાબ સંસ્કાર, નાસ્તિકતા તથા અભિમાનરૂપી હોલિકા વગેરેને પરમાત્મારૂપી દિવ્ય અગ્નિની પાપદહન શક્તિમાં હોમી દેવા અથવા તો યોગ અગ્નિમાં એમને ભસ્મ કરી દેવા એને જ 'હોલિકાદહન' કહેવાય. વળી, વિચારવાની વાત એ છે લાકડી અને છાણા (થાપલા)ને બાળવાથી કંઈ પાપાત્મા રાક્ષસીનો નાશ તો નથી જ થવાનો, કારણ કે રાક્ષસી તો આપણા જ મનમાં છુપાઈને બેઠેલી આસુરી વૃત્તિઓ તથા પાપજનક કર્મોની સૂચક છે. માટે, આપણે સૌ જ્ઞાનના રંગોથી એકબીજાને રંગીએ અને પોતાના મનના કુભાવો અને કુસંસ્કારોના કચરાને યોગ અગ્નિમાં ભસ્મ કરી નાખીએ એ જ હોળી અને હોલિકા ઉત્સવનું રહસ્ય છે. ॥ **ઓમશાંતિ** ॥

દિવ્યદર્શન

હોળી સર્વધર્મ મહોત્સવનું પ્રતીક

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને ઉત્સવોની પ્રાચીનકાળથી જ ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આ દેશમાં ઊજવવામાં આવતા તમામ તહેવારો પાછળની ભાવના માનવીય ગૌરવને સમૃદ્ધિ પ્રદાન કરવા માટેની હોય છે, માટે જ ભારતમાં ઊજવવામાં આવતા જેટલા પણ ઉત્સવ છે એ બધાથી અલગ તરી આવતો ઉત્સવ જો કોઈ હોય તો તે છે ‘હોળી’. આ તહેવાર વિશે દેશના વિભિન્ન દેશોમાં વિવિધ માન્યતાઓ છે અને કદાચ આ જ વિવિધતામાં એકતા ભારતીય સંસ્કૃતિનું પ્રતિબિંબ દર્શાવે છે. લોકો આ તહેવારને ખૂબ જ રમૂજ સાથે ઊજવે છે. હોળીના દિવસે ચારેકોર ઉમંગ-ઉત્સાહ ફેલાયેલ હોય છે તથા લોકો એકબીજાને પકડી-પકડીને અબીલ-ગુલાલથી રંગતા જાય છે, જો કોઈ કોરાં કપડાં પહેરેલી વ્યક્તિ દેખાય તો એને પણ રંગી નાખે છે. કારણ કે આ એક જ તહેવાર એવો છે કે ત્યારે કોઈને પણ કોઈ વાતનું માઠું નથી લાગતું. પરંતુ અહીંયાં પ્રશ્ન એમ થાય છે કે આખરે આ તહેવારને આટલા ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવવા પાછળનું રહસ્ય શું છે ?

ઉત્તર-પૂર્વી ભારત તરફ હોલિકાદહનને શ્રીકૃષ્ણ દ્વારા પૂતના નામની રાક્ષસીના વધ દિવસના રૂપમાં પૂતનાનું દહન કરીને ઊજવવામાં આવે છે. બીજી તરફ, દક્ષિણ ભારતમાં એવી માન્યતા છે કે આ જ દિવસે શિવ ભગવાને પોતાનું ત્રીજું નેત્ર ખોલીને કામદેવને ભસ્મ કરી નાખ્યો હતો પછી તેની રાખને પોતાના શરીર ઉપર લગાડીને તાંડવ નૃત્ય કર્યું હતું. થોડાક સમય બાદ કામદેવની પત્ની રતિનું આક્રંદ જોઈને ભગવાન શિવે કામદેવને પુનઃજીર્વિત (પુનઃસજીવન) કરી દીધા. જેનાથી પ્રસન્ન થઈ સમસ્ત દેવતાઓએ રંગોની વર્ષા કરી. આ જ કારણે, હોળીની પૂર્વ સાંજે દક્ષિણ ભારતમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે અને હોળીની અંદર શેરડી, કેરીના મોર અને ચંદન નાંખવામાં આવે છે. અહીંયા શેરની એટલે કામદેવનું ધનુષ્ય, કેરીના મોર એટલે કામદેવનાં બાણ, પ્રગટાવેલો અગ્નિ એટલે કે શિવ દ્વારા કામદેવનું દહન અને ચંદનની આહુતિ એટલે કામદેવને આગ દ્વારા થયેલી બળતરા શાંત કરવા માટેનું પ્રતીક. આવી અનેક કથાઓ હોળીના વિશે આપણને સાંભળવા મળશે. પરંતુ આપણે મુખ્ય રૂપે એ સમજવું જોઈએ કે, આ બધી કથાઓમાં એક સમાનતા એ છે કે એમની અંદર ‘અસત્ય’ ઉપર સત્યના ‘વિજય’ અને ‘દુરાચાર ઉપર સદાચારના વિજય’ને ઉત્સવ તરીકે ઊજવવાની વાત કહેવામાં આવે છે. અતઃ ઉપરોક્ત કથાસારને વાંચીને બુદ્ધિશાળી લોકો સમજી શકે છે કે, એનો શબ્દાર્થ લેવો તર્કસંગત નહીં કહેવાય. અપિતુ એનો ભાવાર્થ અથવા તો લક્ષણાર્થ લેવો એ દૂરદર્શી કહેવાશે. કારણ કે માત્ર લાકડી અને છાણના છાણા (થાપલા)ને અગ્નિમાં હોમીને બધી અનિષ્ઠ વસ્તુઓનો નાશ તો નથી થવાનો, અને ન ક્યારેય એવું આજ સુધી થયું છે. વાસ્તવમાં તો લાકડી અને છાણા (થાપલા) આપણા સ્વભાવ અને કર્મોમાં દુઃખ આપવાની જે આદતો છે, જેમ કે કડવાશ, નક્કરતા, જુલ્મીપણું અને વિકારો રૂપી ઝાડી-ઝાંખરા છે એ એનાં પ્રતીક છે અને અગ્નિ તે ‘યોગ

(અનુસંધાન પેજ નં. 22 પર)

અહંકાર પર વિજય

બી.કે. ભારતભૂષણ, જ્ઞાન-માન સરોવર, પાનીપત, હરિયાણા

શિવ ભગવાને પ્રજાપિતા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા અંતિમ શિક્ષા (શિક્ષણ) આપી કે બાળકો, નિરાકારી, નિર્વિકારી અને નિર-અહંકારી બનો. આ અંતિમ શિક્ષાનો અંતિમ શબ્દ છે નિરઅહંકારી. સ્વર્ગની દોટમાં પુરુષાર્થીએ સર્વ પરીક્ષાઓ કામ, ક્રોધ, મોહને પાસ કરીને અહંકારની પહાડી પરથી ગબડવાનું છે, ફરીથી નરકમાં આવવાનું છે. મોટા મોટા જ્ઞાની, ધ્યાની, વિદ્વાન, કોઈપણ ધાર્મિક સંસ્થાઓના વડાઓ યા સંત, ધર્માત્મા સામે અહંકારની આ મોટી પરીક્ષા છે. એના વિજય માટે અહંકારનાં સૂક્ષ્મ રૂપોને સમજવાં અત્યંત જરૂરી છે. કઈ કઈ રીતે અહંકાર હુમલો કરી શકે છે. આ ઓળખ ના હોવાને કારણે છેતરાઈ જઈએ છીએ. અહીં આપણે અહંકારના 13 પ્રકાર લખી રહ્યા છીએ. એના ઉપર વિજય મેળવવાના ઉપાયો પણ જણાવી રહ્યા છીએ.

દેહનો અહંકાર

પોતાને શરીર સમજવું અને પોતાના પરિચયમાં દેહનું નામ, વય, વગેરેનું યાદ રહેવું એને દેહ અભિમાન કહેવાય છે. ભગવાન કહે છે પહેલાં છે દેહભાન, પછી છે દેહઅભિમાન અને એનો મોટો દુશ્મન દેહ અહંકાર છે. એટલે જ્યારે પણ દૈહની સ્મૃતિમાં દેહી ભૂલાય જાય છે તો એ નક્કી છે કે દેહઅહંકાર સવાર છે. જો દેહ અહંકાર સવાર છે તો વિકર્મ પાપ નિરંતર થતાં રહેશે. એટલે નિરંતર દેહી અભિમાની બનવાનો અભ્યાસ કરો. ફરી ફરી એ યાદ કરો કે હું આત્મા છું. એક મહાન આત્મા છું. દરેક કર્મ કરતી વખતે પોતાને પ્રશ્ન પૂછતા રહો કે હુ કોણ બોલી રહ્યો છું. કોણ જોઈ રહ્યો છું. કોણ વિચારી રહ્યું છે. કોણ કર્મ કરી રહ્યો છે. એટલે સ્વાભાવિક રીતે દેહ અહંકાર પર વિજય મેળવીને દેહી અભિમાની બની શકીશું.

પદનો અહંકાર

સાંસારિક રીતે મનુષ્યને જે પણ પદ કે હોદ્દો મળે છે એનો પણ એને અહંકાર આવી જાય છે. વાત વાતમાં તે પદનો અહંકાર બતાવે છે. એની દરેક વાત, ભાવ તથા સર્વ ક્રિયાકલાપ અહંકાર દર્શાવે છે એટલે કદી પણ આ અહંકારનું પ્રદર્શન ના કરો, કારણ કે રાવણની જેમ અહંકારીનો નાશ થાય છે.

અહંકાર ઉપર વિજય મેળવવા સદા એ યાદ રાખો કે આ સૃષ્ટિ એક નાટકશાળા છે. આ નાટકશાળામાં આપણે સૌ આત્માઓ ભાઈ-ભાઈ છીએ. પરંતુ થોડા સમય માટે ભાઈઓને અલગ અલગ પાર્ટ મળ્યો છે. એટલે અસ્થાયી પાર્ટનું અભિમાન શા કામનું ? પાર્ટ તો ગમે ત્યારે બદલાય શકે છે.

ઉપલબ્ધિઓનો અહંકાર

જીવનમાં દોડાદોડી કરીને મહેનત કરીને કેટલીક પ્રાપ્તિઓ મેળવે છે એનું પણ એ વારંવાર સ્મરણ કરે છે તેથી તેને અભિમાન આવી જાય છે. જીવનમાં કંઈક મોટા મોટા પુરસ્કાર મેળવીને, કેટલાક મેડલ મેળવીને કેટલીક સ્પર્ધાઓ જીતીને તેને બહુ વાહવાહ અને સન્માન મળે છે તો સ્વાભાવિક રીતે એને અભિમાન આવી જાય છે.

સદૈવ એ સમજો કે ઉપલબ્ધિઓ તો વિનાશી છે એના અભિમાનથી તેનું પતન જ થાય છે. જીવનની સાચી પ્રાપ્તિ કે આધ્યાત્મિકતાના શિખર પર પહોંચીને પરમાત્મા પિતા દ્વારા વિજય મેડલ

મેળવવો. વિજયમાળાના મણકા બનવું. ભેટમાં તેટલા એવોર્ડ પ્રાપ્ત કર્યા હોય, કેટલીય વાર વર્લ્ડ ગિનીજ બુકમાં નામ નોંધાયું હોય પરંતુ પરમાત્માની વિજયમાળાના મણકા ના બન્યા તો આ સર્વ એવોર્ડ શા કામના ? એટલા માટે ભાવના આ એક ઉપલબ્ધિની રાખવાની છે કે મારે વિજયમાળાના મણકા બનવાનું છે.

રૂપ - વ્યક્તિત્વનો અહંકાર

કેટલાક લોકોને શારીરિક સુંદરતા જન્મતાં જ મળે છે. તેઓ વારંવાર અરીસામાં પોતાનું મુખ જુએ છે. બીજા લોકો પણ એમના વ્યક્તિત્વ પર આકર્ષિત થાય છે ગમે ત્યાંથી તેઓને દૈહિક રૂપની સુંદરતા પ્રાપ્ત થાય છે. આ સર્વના કારણે એને પોતાના રૂપ કે વ્યક્તિત્વનું અભિમાન આવી જાય છે. જે સર્વ વિકારોને ઉત્પન્ન કરે છે. એનાથી મુક્ત થવા દેહની વાસ્તવિકતા ઉપર વિચાર કરો કે આ દેહ તો પાંચ તત્ત્વોનું પૂતળું છે. એની અંદર તો હાડકાં, માંસ, લોહી અને દુર્ગંધ ભરી છે. એના નવ દરવાજાઓથી ગંદકી નીકળે છે. તો આ દેહનું અભિમાન શા માટે કરવું ? એની અંદર ચમકતો મણિ, જે કોહીનૂર હીરા કરતાં પણ વધુ મૂલ્યવાન છે. એ આત્માનું અભિમાન જ સાચું અભિમાન છે. એ રૂપને વારંવાર બુદ્ધિરૂપી નેત્રોથી જુઓ.

શિક્ષણનો અહંકાર

કેટલાયે લોકોનું શિક્ષણનું સ્તર બહુ ઊંચુ હોય છે. એમણે કેટલીયે ડીગ્રીઓ મેળવેલી હોય છે. તેઓ જ્યારે પોતાનો પરિચય આપશે ત્યારે શૈક્ષણિક ડીગ્રી જરૂર જણાવશે. ઉચ્ચકક્ષાની I.A.S., IPS, Doctor of Philosophy વગેરે ડીગ્રીઓથી સુશોભિત વ્યક્તિ તો નીચી કક્ષાની શૈક્ષણિક યોગ્યતા મેળવનારાઓ સાથે વાત પણ નહીં કરે. એમને એટલો અહંકાર આવે છે કે ખરાબ વ્યવહાર પણ કરે છે.

યાદ રાખો સૌથી મોટી ડીગ્રી છે માનવીય મૂલ્યોની ડીગ્રી. આ ડીગ્રી ગામના ભોળા માણસો પણ મેળવે છે. આ ડીગ્રી એટલા માટે છે કે બીજાઓનું સન્માન કરવું, નિ:સ્વાર્થ સેવા કરવી, મધુરભાષી બનવું, સર્વના સહયોગી બનવું, ગુણગ્રાહક બનવું વગેરે વગેરે ડીગ્રી વગરનો માણસ અશિક્ષિત છે. એના દુર્ગુણો સમાજને પરેશાન કરતા રહેશે.

સ્વસ્થ જીવનનો અહંકાર

કેટલાક લોકોને સૌભાગ્યવશ સ્વસ્થ જીવન મળે છે જે રોગગ્રસ્ત રહે છે એના પર તેઓ હસે છે. અને પોતાના સ્વસ્થ તનનો ગર્વ કરે છે. એ યાદ રાખવું જોઈએ કે સ્વસ્થ જીવન એ પૂર્વ જીવનમાં કરેલા કેટલાક શ્રેષ્ઠ કર્મોનું પરિણામ છે. અને એનો અહંકાર ફરીથી પતનનું કારણ બની શકે છે. કેટલીયે વાર અહંકારી વ્યક્તિ પણ પોતાના અહંકારથી સ્વાસ્થ્ય ખરાબ કરી દે છે. એટલે અભિમાન ના કરીને સ્વસ્થ જીવન આપનારા પરમાત્માનો વારંવાર આભાર માનીએ.

સંપત્તિનો અહંકાર

કેટલાક લોકો પાસે ધન-સંપત્તિ, મકાન-હવેલીઓ, જમીન, બાગ-બગીચા વગેરે છે. ફરી ફરી આ સૌ વસ્તુઓની સ્મૃતિનો અહંકાર મન પર છવાઈ જાય છે. જો હવેલી સુંદર છે તો કેટલીયે વાર તેની યાદ આવશે અને એનું વર્ણન કરશે. આ રીતે અન્ય સંપત્તિનો નશો પણ ચઢી જાય છે. અને ગરીબ વ્યક્તિઓ સાથે એન નશાના કારણે ખરાબ વ્યવહાર કરે છે. યાદ રાખો પરમાત્માને ગરીબ નિવાજ કહેવામાં આવે છે. ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે પાછા જવાનું છે. અહીં કંઈપણ પોતાનું સમજવું એ મિથ્યા અહંકાર

છે. ના મારું છે, ના મારું રહેશે.

જ્ઞાન તથા આયુનો અહંકાર

કેટલાયે પુરુષાર્થી પોતાની વરિષ્ઠતાને જ્ઞાન અને તેની ઉંમરના હિસાબે આંકે છે. તેઓ વિચારે છે કે હું જૂનો છું. હું ઘણો અનુભવી છું. હું વરિષ્ઠભાઈ અથવા બહેન છું. બીજાઓ ભલે ગમે તેટલા વધારે જ્ઞાન અને યોગમાં પ્રવીણ હોય છતાં તેઓ એમની સાથે પોતાનાથી કનિષ્ઠ સમજીને વ્યવહાર કરે છે. જ્ઞાન યોગની આયુથી પોતાની વરિષ્ઠતાને કદી પણ ના આંકો. એવું પણ બની શકે છે કે કોઈ ઓછી ઉંમરવાળા પણ જ્ઞાનયોગ અને સેવામાં આપણાથી ઘણા આગળ હોય. લાસ્ટ સો ફાસ્ટ હોય. આપણે એમને વરિષ્ઠ સમજીને આદર આપવો જોઈએ.

ગુણોનું અભિમાન

આ ઘણું સૂક્ષ્મ અભિમાન છે. સમજો કે બીજી વ્યક્તિના જીવનમાં અનેક દિવ્યગુણો છે. ક્યારેક ક્યારેક ગુણધારીને એના ગુણોનું પણ અભિમાન આવે છે. પોતાના ત્યાગનું પણ અભિમાન આવે છે. પોતાના મર્યાદાપૂર્ણ જીવનનું પણ અભિમાન આવે છે. એટલે યાદ રાખો કે દિવ્યગુણ પરમાત્માની દેણ છે એને પરમાત્મ દેણ સમજીને સેવામાં લગાવવાનું છે. ક્યારેય એનું અભિમાન કરવાનું નથી. ત્યાગનો પણ ત્યાગ કરવાનો, જેનું વર્ણન કરવાનું નથી સદા ગુપ્ત પુરુષાર્થી બનીને રહેવાનુ છે.

ભાષણનું અભિમાન

કેટલાક લોકોને ભાષણ કરવાની કળા મળેલી છે. એમનું ભાષણ ઘણું પ્રભાવશાળી હોય છે. જ્યાં પણ પ્રવચન કરે છે ત્યાં એમની ખૂબ પ્રશંસા થાય છે. પ્રશંસા વારંવાર થતાં તેને તેઓ પોતાની વિશેષતા સમજે છે. જેનો અહંકાર આવી જાય છે. ભાષણ કરતાં પહેલાં સર્વશક્તિમાન, જ્ઞાન ભંડાર પરમાત્માને યાદ કરીને પ્રવચન કરો અને બાબાની યાદમાં કરો અને એ નિશ્ચય રાખો કે મારા દ્વારા બાબા કરાવી રહ્યા છે. એનાથી અભિમાન આવશે નહીં. પ્રવચન પ્રભાવશાળી અપાશે. પ્રવચન પછી ગમે તેટલી પ્રશંસા મળે તેને બાબાને સોંપી દો. સ્વયં સ્વીકાર ના કરો.

ટીચર યા ગુરુપદનો અહંકાર

હું શિક્ષિકા યા શિક્ષક છું. યા હું ગુરુ છું. બીજાઓને સ્ટુડન્ટ યા શિષ્ય સમજવા એ પણ મિથ્યાઅભિમાન છે. સદૈવ શીખવાની ભાવના રાખવાની છે. દરેક વિદ્યાર્થી ટીચર પણ છે તો વિદ્યાર્થી પણ છે. એવું બેલેન્સ કાયમ રાખવાનું છે.

સેવાઓનો અહંકાર

ગમે તેટલી વિશાળ, વિહંગમાર્ગની સેવા કરીએ. સેવાઓની ધૂમ મચાવી દઈએ. દેશ વિદેશોમાં છવાઈ જઈએ. આપની સેવાઓની ખૂબ ચર્ચા થાય છતાં પણ બિલકુલ અભિમાન ના આવે. એ પાક્કું યાદ રાખીએ કે કરન કરાવનહાર શિવ પરમાત્મા છે. આપણે સૌ નિમિત્ત છીએ. આ મેં એકલાએ જ કર્યું નથી. સૌના સહયોગથી થયું છે.

યોગનો અહંકાર

કેટલાક પુરુષાર્થી યોગની અવસ્થાને મેળવી લે છે. યોગની સારી અનુભૂતિઓ પણ કરે છે. લાંબો સમય યોગ તપસ્યામાં પણ વ્યતીત કરે છે. પણ ક્યારેક ક્યારેક પોતાના શ્રેષ્ઠ યોગીજીવનનું અભિમાન આવી જાય છે. આમ તો યોગી સદૈવ અહંકારમુક્ત હોય છે. પણ યોગ નિરંતર રહેતો નથી. જ્યારે યોગ થતો નથી ત્યારે કદી પોતાના શ્રેષ્ઠ યોગીજીવનનું પણ અભિમાન આવે છે. એટલે નિરંતર યોગી બનવાનો પુરુષાર્થ કરીએ.

નિરઅહંકારીપણાને અપનાવવા માટે કેટલીક વાતો ધ્યાનમાં રાખીએ.

(અનુસંધાન પેજ નં. 28 પર)

હોળીનો દિવ્યસંદેશ

બ્ર.કુ. મીનળબેન, નારણપુરા, અમદાવાદ.

ભારતમાં ઉજવાતા સર્વ તહેવારોમાં હોળી, ધૂળેટીનું આગવું સ્થાન છે. આ તહેવાર આસુરી-શક્તિ ઉપર દૈવી શક્તિના વિજયનું પર્વ છે. જો કે આજે તેનું સ્વરૂપ બદલાઈ ગયું છે. ભવિષ્ય-પુરાણમાં હોળીની કથા આવે છે. જેમાં નારદ રાજા યુધિષ્ઠિર પાસે હોળી ઉજવવા અભયદાન માંગે છે.

દાનવ રાજા હિરણ્યકશ્યપ અહંભાવમાં આવી સ્વયંને જ ભગવાન માની પોતાની પ્રજા પણ પોતાને ભગવાન તરીકે સ્વીકારે તેવો આગ્રહ રાખતો હતો. પ્રારંભમાં હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહ્લાદ પણ પિતાની સાથે હતો. પણ એક ઘટનાએ તેનું જીવન બદલી દીધું.

પ્રજા ભગવાન તરીકે પોતાના પિતાનું નામ લે છે કે કેમ તેની ખાત્રી કરવા પ્રહ્લાદ પણ સૈનિકો સાથે ફરતો હતો. તેવામાં રાત્રિના સમયે તે કુંભારવાસમાં ગયો. ત્યાં નીંભાડો પ્રગટાવેલો હતો અને સંત હરિદાસ એકાગ્રચિત્તે પરમાત્માના નામનું રટણ કરતા હતા. પ્રહ્લાદે આવીને પૂછ્યું તો હરિદાસે જવાબ આપ્યો કે નીંભાડો પ્રગટાવ્યા પછી ખ્યાલ આવ્યો કે તેમાં બિલાડીનાં બચ્ચાં રહી ગયાં છે. તેથી તેઓ બચે તે માટે હું ભગવાનનું નામ લઉં છું. પ્રહ્લાદે નીંભાડા ઉપર પહેરો ગોઠવ્યો. નીંભાડો ઠંડો પડ્યો. માટીનાં પાકેલાં વાસણો કાઢવામાં આવ્યાં. પણ વચ્ચેના ભાગમાં વાસણો ગોઠવ્યાં હતાં તેવાં જ કાચાં હતાં. તેમાંથી બિલાડીનાં બચ્ચાં સુરક્ષિત બહાર નીકળ્યાં. આ ઘટનાએ પ્રહ્લાદને પ્રભાવિત કર્યો. સંત હરિદાસ તેને ગુરુરૂપે મળ્યા. તેઓએ પ્રહ્લાદને પરમાત્માનો પરિચય કરાવ્યો.

ત્યારપછી પ્રહ્લાદ ખુલ્લેઆમ પિતા હિરણ્યકશ્યપને બદલે પરમાત્માના નામનો જય-જયકાર કરવા લાગ્યો. અહંભાવમાં અંધ બનેલા પિતા હિરણ્યકશ્યપે પુત્ર પ્રહ્લાદને મારી નાખવાના તમામ પ્રયત્નો નિષ્ફળ જતાં તેની બહેન હોલિકાની યુક્તિ સ્વીકારી. હોલિકાને આગમાં સુરક્ષિત રહે તેવું વરદાન હતું. તેણી પ્રહ્લાદને ખોળામાં લઈને બેઠી. આગ પ્રગટાવવામાં આવી. પણ જેને આગથી બચવાનું વરદાન હતું તે હોલિકા ચિતામાં ભડભડ સળગવા લાગી. પ્રહ્લાદ સુરક્ષિત રહ્યો. પ્રજાએ તેના નામનો જયજયકાર કર્યો.

બ્રહ્મપુરાણમાં પણ હોળીનો ઉલ્લેખ છે. જે ધૂળેટીના દિવસને સ્પર્શે છે. આ દિવસે જે મનુષ્ય મનને એકાગ્ર કરીને હિંડોળામાં ઝૂલતા શ્રી કૃષ્ણનાં દર્શન કરે છે તે વૈકુંઠવાસી બને છે. વાસ્તવમાં હોળી એ વિકારી, આસુરીવૃત્તિઓને દગ્ધ કરવાનું સૂચન કરે છે. ધૂળેટી દેવીદેવતા સમાન બનવાનું સૂચન કરે છે. 'નર જો એવી કરણી કરે, તો શ્રી નારાયણ બને અને નારી જો એવી કરણી કરે, તો શ્રી લક્ષ્મી બને.' આમ ઉચ્ચ આધ્યાત્મિક પુરુષાર્થના પ્રારબ્ધરૂપે દેવી-દેવતાપદની પ્રાપ્તિ, સતયુગી સૃષ્ટિનું સુખ શક્ય બને છે.

હોળીના તહેવારમાં અગ્નિ પ્રગટાવવામાં આવે છે. જેમાં, કાષ્ઠ, છાણાં તથા છાણમાંથી બનેલાં વડા આકારનાં હોળૈયાના હાર સળગાવવામાં આવે છે. વાસ્તવમાં આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો યોગાગ્નિથી માનવની દૂષિત વૃત્તિઓને, રાક્ષસીવૃત્તિઓને ભસ્મ કરવાની છે. હોળીમાં હોલિકા સળગી જતાં પાગલ બનેલા દાનવો તોફાને ચડી કાદવ ઉછાળે છે. તે રીતે

આવી વૃત્તિવાળા માણસો કાદવ, શરીરને નુકસાન કરે તેવા રંગો, ઓઈલ વગેરે દ્વારા અમાનવીય રીતે હોળી ઉજવે છે. હોળીમાં પ્રહ્લાદનો બચાવ થતાં પ્રભુપ્રેમી લોકો તેને અબીલ, ગુલાલથી વધાવે છે. તેથી હોળી આત્માના ગુણો - પ્રેમ, શાંતિ, પવિત્રતા, શક્તિ, આનંદ વગેરેના પ્રગટીકરણનો દિવ્યતાનો સંદેશ આપે છે. ઈશ્વરીય રંગમાં, સંગમાં રંગાઈ જઈને પ્રેમ, એકતા, ભાઈચારો અને બંધુતાનો સંદેશ આપે છે. જ્યારે બાળકોને રંગો, પિચકારી દ્વારા હોળી ઉજવવાની મજા પડે છે.

હોળીમાં મિલનમેળાનું ગાયન છે. હોળીને હિન્દીમાં होली કહેવામાં આવે છે. એનાં ત્રણ અર્થો થાય છે. होली अर्थात् Holy પવિત્ર બનવું. પવિત્રતા જ સુખશાંતિની જનની છે. પવિત્ર દૃષ્ટિ, વૃત્તિ, કૃતિથી જ પરમાત્મા પ્રસન્ન થાય છે. होली अर्थात् વીતી ગયેલી વાતોનું ચિંતન ના કરો. કોઈની સાથેના સંબંધોની કટુ યાદને ભૂલીને પ્રેમથી હળો, મળો. ભૂલી જાઓ અને માફ કરો. होली अर्थात् मैं आत्मा परमात्मा की हो गई। હોળી પરમાત્મા પ્રત્યે સમર્પણભાવ શીખવે છે.

હોળીમાં ભિન્ન ભિન્ન વેશ ધારણ કરીને ગોળાકારમાં નૃત્ય કરતાં મનોરંજન કરવામાં આવે છે. આપણે હર હાલતમાં પ્રસન્ન રહીને, સૌની સાથે वसुधैव कुटुम्बकम्ની ભાવનાને અપનાવીએ.

હોળીમાં શેકેલા અનાજનો ઉપયોગ કરવામાં આવે છે. ચણા, ધાણી, રેવડી, ખજૂર, સાકરના હારનો ઉપયોગ કરવામાં આવે છે. જે સ્વાસ્થ્યની દૃષ્ટિએ કફનાશક છે અને જીવનમાં શક્તિ અને મીઠાશ ધારણ કરવાની પ્રેરણા આપે છે. જે રીતે શેકેલાં બીજ અંકુરિત થતાં નથી તે રીતે વિકારી સંસ્કારોના બીજને ઈશ્વરીય યાદથી શેકી દેવામાં આવે, તો તે નિર્મૂળ થાય છે.

આમ હોળી આનંદ, ઉલ્લાસનું પર્વ છે. ખેડૂતો માટે પાકની લણણી પછીના પ્રાપ્તિના સમયનું પર્વ છે. હોળી સંબંધી અનેક રચનાઓ પ્રસિદ્ધ છે. ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ એમ ભિન્ન ભિન્ન રાજ્યોમાં હોળી અંતરમનના ઉલ્લાસથી અવનવી રીતે ઉજવાય છે. શિલ્પો, ચિત્રો, નાટકો, ચલચિત્રોમાં પણ તેનું પ્રતિબિંબ જોવા મળે છે. સર્વ ગમ (દુઃખો) ભૂલીને આનંદની દુનિયામાં ગરકાવ થઈ જવું એ હોળીનો સંદેશ છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 26નું અનુસંધાન)..અહંકાર પર વિજય

- રોજ કેટલોક સમય સ્થૂળસેવા, નાની નાની સેવાઓમાં જરૂર વ્યતીત કરો. જેમ કે વાસણ માંજવા, સફાઈ કરવી વગેરે.
- સદા મોટાઓની સામે 'હાજી'નો પાઠ પાક્કો રાખો. કદી પણ એમની સામે જિદ્દના કરીએ એમનો સામનો ના કરીએ.
- નાનાં ભાઈઓ તથા બહેનોને ખૂબ પ્રેમથી ચલાવો. એમને પિતાની જેમ, માતાની જેમ સ્નેહ આપીને ચલાવો તો ઘણી દુઆઓ મળશે.
- દરેકના જીવનમાંથી કાંઈક શીખવાની ભાવના રાખો. દિલથી આદર આપો.
- પોતાનો સમય, શક્તિ વગેરે કાંઈપણ માત્ર હદની સેવાઓ માટે ના લગાવો. બેહદમાં પણ લગાવો.
- સદૈવ ફરી ફરી યાદ રાખો કે કરન કરાવનહાર શિવબાબા છે.
- દરેકની દિલથી પ્રશંસા કરો.

॥ ઓમશાંતિ ॥

‘હા’ શબ્દ એક એવી અમરવેલ છે જે...

બ્ર.કુ. અનિલ, સુરત

‘હા’ એ કેટલો સરળ શબ્દ છે. જાણે આ એક શબ્દમાં અનેક પ્રશ્નોનો ઉત્તર આવી જતો ન હોય ? મહાભારતના પાંચ પાંડવોમાં આજ્ઞાંકિત-પણાનો ભારોભાર ‘હાજી’ શબ્દનો પાઠ પૂરેપૂરો ભણ્યા હોય એવું લાગે છે. જ્યારે જ્યારે પણ શ્રીકૃષ્ણે અને ગુરુજનોએ જે સૂચનો આપ્યા, જે આજ્ઞાઓ આપી એનો કદાપિ નકારાત્મક પ્રતિભાવ આપ્યો નથી. બસ ‘હા’ શબ્દ દ્વારા આજ્ઞાપાલન કરવાનું કર્તવ્ય કરતાં રહ્યાં હતાં. પરિણામ સ્વરૂપે કૌરવો પર વિજય પ્રાપ્ત કર્યો.

કૌરવોએ ‘હા’ શબ્દને માત્ર ખુશામતમાં ખોઈ નાંખ્યો હતો. અર્થાત્ વ્યવહારનું રૂપાળું નામ આપી જૂઠી ‘હા’ ના હાર્દ સુધી પહોંચી શકતા નથી. પરિણામ સ્વરૂપે કૌરવોનો પરાજય થાય છે.

જ્યારે આપણે ‘હા’ કહીએ છીએ ત્યારે તેમાં સામી વ્યક્તિના પ્રશ્નોનો ઉત્તર તો આવે જ છે. પણ તે સાથે સામાના અસ્તિત્વનો એકરાર પણ આવે છે. ‘હા’ એક એવી સંમતિ છે કે જે વ્યાપકરૂપે અદ્વૈતમાં પરિણમે છે. ‘હા’નું સાચું સ્વરૂપ તો જીવનની હકારાત્મક દ્રષ્ટિમાં જોવા મળે છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિએ વાત અત્યંત સૂચક છે. ક્યાં ‘ના’ કહેવી એના કરતાં ક્યાં ‘હા’ પાડવી એ વધુ મહત્ત્વનું છે. ‘હા’ને જે જૂઠ્ઠા શબ્દરૂપે પ્રયોજે છે, એ જીવનના દંભને વધુને વધુ પોષે છે.

‘હા’ એક એવો એકરાર છે કે જે જીવનને જીવનના પ્રશ્નોને નવો વળાંક આપી શકે. પણ એ ‘હા’ યસમેનની ‘હા’ હોય તો એનો રણકાર બોદો નીકળે છે. ઘણીવાર તો પ્રશ્નોથી પલાયન થઈ જવા આપણે ‘હા’ પાડી બેસીએ છીએ. પણ ‘હા’ ઉચ્ચારવો કે ના ઉચ્ચારવો એમાં જ આપણી જિંદગીનો સાચો વિવેક સમાયેલો છે. ‘હા’ જીવનની એકરાગીતાનું સૂચન કરે છે. પણ વિચારોના અલગ અસ્તિત્વનો ઈન્કાર નથી કરતો. ‘હા’ને હર્ષ સાથે વિશેષ સંબંધ છે. કારણકે ઈન્કાર કરતાં એકરાર સાંભળવાને માનવી વધુ ટેવાયેલો છે. ‘હા’માં સુખ એક ઓછી સુગંધ છે પણ દરેક વખત સુખની લહેરખી લઈને આવે એવું નથી. એ તો ક્યા પ્રકારની અને ક્યા સ્વરૂપની ‘હા’ છે એના ઉપર એનો ઉત્તર અવલંબે છે.

‘હા’ ક્યારેક આનંદની સરિતા બનીને આવે છે તો ઘણીવાર મૃગજળનો પણ ભાસ કરાવે છે. ત્યારે મૃગજળમાં મોહી પડનારા આપણે માનવીઓને મૃગજળ જેવું મીઠું ભાસે છે તેમ ‘હા’ પણ મીઠી લાગે છે.

‘ના’ એક એવો શબ્દ છે જે હજારો શબ્દોની શક્તિ ધરાવે છે. ‘ના’ શબ્દ કાને પડતાં જ આપણે જાણે શક્તિહીન બની જઈએ છીએ. ‘ના’ એક એવો ઈન્કાર છે જેનામાં જમીન દોસ્ત કરવાની અણુશક્તિ રહેલી છે. જો કે એ જ ‘ના’ વ્યક્તિ સમૂહના વિનાશનું કારણ પણ બની શકે છે. જેનાં સાચાં પરિણામો મહાભારત અને રામાયણના અનેક પ્રસંગોમાંથી આપણે ‘ના’ શબ્દના પ્રતિભાવથી કેવી વિનાશ જ્વાલાઓ પહેલાં મનમાં, પછી વાણીમાં અંતે યુદ્ધમાં પરિણમી છે. એ આપણે સારી રીતે જાણીએ છીએ.

સામાન્ય રીતે માનવી પોતાની અપેક્ષાના ગર્ભમાં ‘હા’ શબ્દ સાંભળવા ટેવાયેલો છે. પણ જ્યારે એ ‘ના’ શબ્દ સાંભળે છે ત્યારે પોતાની ઈચ્છાનું અવસાન થયેલું માની બેસે છે. પણ આ

(અનુસંધાન પેજ નં. 33 પર)

શિવ પરનો અતૂટ વિશ્વાસ અને જીતની સુંદર અનુભવ યાત્રા

બ્ર.કુ. કુમાર ગૌતમ ઉર્ફે 'ગટ્ટુ', રાજકોટ

એક સાધારણ પરિવારમાં અચાનક આવી પડેલું દુઃખ અને લાખોમાં કોઈને જ થતી એ બીમારી કે જેમાંથી સાજા થવા માટે મહિનો, 6 મહિના કે 1 વર્ષ પણ લાગે અને સારવાર બહુ જ ખર્ચાળ, અંદાજે 4 થી 5 લાખ થાય. એ બીમારીમાંથી, શિવબાબા પર અપાર શ્રધ્ધાને કારણે એ 13 વર્ષના બાળકને ભગવાન કેવી રીતે બચાવી લે છે. પૂરા બ્રહ્માકુમારી બ્રાહ્મણ પરિવાર તે બાળકને જીવનું જોખમ ટળી જાય તે માટે પૂરી શ્રધ્ધાથી યોગ દ્વારા તેને મદદ કરે છે. તેની તે આપવીતી. અમારા સૌના 'ગટ્ટુ'ના જ હસ્તે લખી તે આપ વાંચશો.

ઓમશાંતિ. મારું નામ ગૌતમ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સાધારણ છે. મને પ્યારથી બધા 'ગટ્ટુ' કહે છે. મારી ઉંમર હજુ 13 વર્ષની છે. પરિવારમાં મોટી બે બહેનો છે અમે ઘરમાં પાંચ સભ્ય છીએ. હું નવ વર્ષનો હતો ત્યારે મેં જ્ઞાન લીધું. બાબાએ મારું પેપર બહુ નાની ઉંમરમાં લઈ લીધું છે.

તા. 25-10-2019 ધનતેરસના રોજ સવારે હું નીચે સૂતેલો હતો. ત્યારે બાબાએ મારી ઊંઘ ઉડાડી અને પછી મારે વોશ રૂમ (બાથરૂમ) જવું હતું એટલે મેં મારી જાતે ઊભો થવાની કોશિશ કરી પણ હું ફરી પાછો નીચે પડી ગયો. ત્યારે હજુ છ વાગવામાં 10-15 મિનિટની વાર હતી. મારા મમ્મી-પપ્પા સવારના 6 વાગ્યાનાં મુરલી ક્લાસમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. મેં મારા પપ્પાને કહ્યું કે, હું મારી જાતે ઉભો થઈ શકતો નથી. પપ્પા-મમ્મી અને બંને બહેનોએ ઉભો કર્યો. પણ ચાલી શક્યો નહીં. મેં બાબાને યાદ કરી ચાલવાની કોશિશ કરી પણ ચલાયું જ નહીં ને ફરી પાછો પડી ગયો. પછી મારી મોટી બહેને મને પાણી પાયું પણ એક ટીપું પાણી મારા ગળે ઉતર્યું જ નહીં. મને ઉધરસ આવવા માંડી. મારા મમ્મીએ તો મને પૂછ્યું કે, તેઓ મુરલી ક્લાસમાં જાય કે ? પણ મેં તો મારી મમ્મીને કીધું કે તું બેફિકર બાદશાહની જેમ મુરલી સાંભળીને પાછી આવ અને પપ્પાને પણ કીધું. પછી મારી બંને બહેનોએ મને બેડ ઉપર સુવડાવી દીધો, પછી હું સૂઈ ગયો.'

'તે વખતે મારા મમ્મી-પપ્પા પાસે રૂપિયા પણ ન હતા. તેથી મારા પપ્પાએ એક બાબાના બાળક પાસેથી સાતસો રૂપિયા લીધા અને મુરલી ક્લાસમાંથી આવીને તરત જ મને સ્કૂટર પર બેસાડીને નજીકની દોશી હોસ્પિટલમાં લઈ ગયા. પણ ત્યાં બાળકોના કોઈ ડોક્ટર ન હતા. ત્યારથી મારી અનુભવની યાત્રા ચાલુ થઈ. પહેલો અનુભવ, રીક્ષાવાળાનો થયો. દોશી હોસ્પિટલ સુધી મારા પપ્પાની સાથે સ્કૂટર પર આવ્યો હતો અને દોશી હોસ્પિટલથી એક રીક્ષાવાળાભાઈ મને અને મારા મમ્મીને સહયોગ હોસ્પિટલ જે થોડી દૂર છે ત્યાં સુધી મૂકી ગયા. મને ઉપાડીને બેડ પર મૂકવામાં મદદ કરી ચાલ્યા ગયા, તો મારા પપ્પા તેની પાછળ તેને રિક્ષાભાડુ આપવા ગયા તો ભાઈ તો પૈસા લીધા વગર ત્યાંથી ચાલ્યા ગયા. પછી ત્યાં સહયોગ હોસ્પિટલના ડોક્ટરે બતાવ્યું કે આને GBS (ગુલીઅન બાર સિંડ્રોમ) નામનો રોગ છે. આ રોગ એક લાખમાંથી કોઈને જ થાય છે. તે રોગમાં પગ-હાથ સાવ ખોટા પડી જાય છે. આ રોગ મહિનો પંદર દિવસ ઝાડા થયા હોય. અથવા તો થોડા દિવસ પહેલા કૂતરું કરડ્યું હોય તો થાય.

તેઓએ મારી ફાઈલ બનાવીને 500 રૂ. લઈ લીધા હતા. ત્યાંથી અમને સારવાર આપવાની ના પાડી.

હવે મારા પપ્પા પાસે ખાલી બસો રૂપિયા વધ્યા હતા. મારા પપ્પાએ ઘરે મારી બહેનને ફોન કરીને એક સંબંધી પાસેથી પાંચ હજાર રૂપિયા લેવાનું કહ્યું. પછી પેલા રીક્ષાવાળો તો ચાલ્યો ગયો હતો. બાબાએ પાછો હોસ્પિટલની બહાર એક બીજા રીક્ષાવાળા ભાઈને મોકલ્યો. એ રીક્ષાવાળા ભાઈએ અમને રાજકોટના જુદા જુદા ત્રણ દવાખાનાં ફેરવ્યાં કે જે બધાએ મારો કેસ ન લીધો, પણ તેણે ખાલી 150 રૂ. જ લીધા. છેલ્લે અમને તે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં મૂકી ગયો. તે અમારી સાથે ત્યાં સુધી રહ્યો કે જ્યાં સુધી મને ઇમરજન્સી વોર્ડમાં પહોંચાડ્યો.

મારા પપ્પાએ કેસ કઢાવ્યો પછી રીક્ષાવાળો ભાઈ ચાલ્યો ગયો. મેં તો બાબાને યાદ રાખવાનું ચાલુ રાખ્યું અને મારા મમ્મીએ અમારા બ્ર.કુ. સેંટરના મોટા દીદીને ફોન કરી કહ્યું કે, અમારો અને તમારો ગટ્ટુ બીમાર છે. તેથી દીદીએ સેંટર પર મુરલી ક્લાસમાં આવેલા બધાં બાબાના બાળકોને વાત કરી. ને તે દિવસથી પછી રાજકોટના સેન્ટરના બી.કે. બાળકો મારા માટે યોગ કરતા અને બી.કે. પરિવારો મારા માટે સતત નવ દિવસ સુધી યોગ કર્યો. અમારા સેંટરનાં બધાં દીદીઓ અમૃતવેલા મારા માટે, સ્પેશ્યલ યોગ કરતાં અને અમૃતજળ (યાદમાં ચાર્જ કરેલું પાણી) રોજરોજ હોસ્પિટલમાં મોકલતાં હતાં.

હું જ્યારે દાખલ થયો હતો ત્યારે મારા મમ્મી મને રોજ કહેતા કે કાલે રજા આપી દેશે, કાલે રજા આપી દેશે અને હું રડતો અને બાબાને યાદ કરતો. બીજા દિવસે તો ડોક્ટરે કીધુંકે, તમારે અત્યારે જ અમદાવાદ જવું પડશે. મારા પપ્પા તો થોડા ગભરાઈ ગયા, પણ મેં બાબાને મનથી કહી દીધું કે, મને અમદાવાદ ન લઈ જાય.' મારા પપ્પાએતો મારી મોટી બહેનને ઘરે કહી દીધું કે ગટ્ટુને અત્યારે જ અમદાવાદ લઈ જવાનો છે.'

સેંટર પરથી દીદીએ સાથે રાખવા અમને સૂકો નાસ્તો પેક કરી દીધો. (મમ્મી-પપ્પા પણ ઘરનું બનાવેલું જ જમે છે તેથી.) તે દિવસે દીદી મને મળવા રાજકોટની સિવિલ હોસ્પિટલે આવ્યા અને મને કહ્યું, 'તું બાબાને યાદ કરજે અને બાબા તારી સાથે જ છે. તું હિંમત ના હારતો. જો તું હિંમત રાખીશ તો પણ બાબા તને મદદ કરશે જ.' પછી દીદીએ મારા માથા પર હાથ ફેરવ્યો ને દૃષ્ટિ આપી. મારા મમ્મીને કહ્યું કે, તમે જરાય ચિંતા ન કરતા ગટ્ટુને જલદી સારું થઈ જશે અને અમદાવાદ જવાનું થાય તો ડરતા નહીં. ત્યાં તમારા જમવા વગેરેની વ્યવસ્થા થઈ જશે. મારા મમ્મી તો મને હિંમત આપતા રહેતા હતા. પછી મારા ફોઈ કે જે પણ બાબાના બાળક છે તેમણે મારા પપ્પાને દસ હજાર રૂ. આપ્યા અને મારી પાસે બે કલાક બેસી દૃષ્ટિ આપી, મારા પગ દબાવ્યા અને મારી સાથે બાબાની ઘણી વાતો કરી. પછી મારા પપ્પાએ અમારા અન્ય સંબંધીઓને ફોન કરીને પૈસાની સગવડતા કરી આપવા માટે કહ્યું, ને બાબાએ અમને સારી બુદ્ધિ આપી. એક કલાકમાં 44 હજાર રૂપિયાની વ્યવસ્થા થઈ ગઈ. ડોક્ટરે કહ્યું કે હવે અમદાવાદ નહીં જવું પડે, હું તો ખુશ થઈ ગયો. બધાં જ ખુશ થયા.

મને સેંટર પર આવતા બાબાના બાળકો મળવા આવતા. પણ બાબાને મને અમદાવાદ મોકલવો જ હતો. પછી બે-ત્રણ દિવસ પછી પાછું ડોક્ટરે અમદાવાદ જવું પડશે તેમ જણાવ્યું. પછી બધી તૈયારી કરીને અમે તો ત્રણ વાગે રાજકોટની સિવિલ હોસ્પટલથી અમદાવાદની સિવિલ હોસ્પિટલની યાત્રામાં બાબાને સાથે રાખતા પહોંચ્યાં. પહોંચતા કદાચ ચાર થી પાંચ કલાક લાગ્યા. મેં તો બાબાને કહી જ દીધું હતું કે, મારે

અમદાવાદથી બે-ત્રણ દિવસમાં જ ઘરે જવું છે. ત્યાં મને એક વોર્ડમાં લઈ ગયા, એક સોય હાથમાં લગાવી, પછી ડોક્ટરે લોહી લીધું ને ડોક્ટર ચાલ્યા ગયા. પછી બીજા ડોક્ટર આવીને મને કહ્યું કે, તને સારું થતા તો ત્રણ મહિના - 6 મહિના અથવા 1 વર્ષ લાગી જશે. અને હું તો રડવા લાગ્યો. મારા પપ્પાએ મને સમજાવ્યું કે, 'તું બાબાને યાદ કર. ડોક્ટર તો બોલે. અને જો તું હિંમત હારી જઈશ, તો હું તો સાવ હિંમત હારી જઈશ...'

પછી મેં બાબાને વાતચીતમાં કહ્યું કે, મને આઠ તારીખ પહેલા સારું થઈ જ જશે. કારણ કે મારી સ્કુલ ખુલી જવાની હતી. હવે મને બીજા વોર્ડમાં લઈ ગયા. ત્યાં દાખલ થયેલા આત્માઓ ખૂબ જ દુઃખી અને અશાંત હતા. પહેલા તો મેં તે બધા આત્માઓને વાઈબ્રેશન આપ્યા. ત્યાં મને વધારાના ચાર બાટલા ચડાવ્યા. મારી દવાનો કોર્ષ તો રાજકોટ પૂરો થઈ ગયો હતો. આથી વધારે બોટલની જરૂર જણાતાં મને વધુ બોટલ્સ ચઢાવ્યા. હવે પછી હું મારી જાતે મારા પગ હલાવવા માંડ્યો અને જાતે પડખુ પણ ફરવા માડ્યો. મેં તો બાબાને બતાવી દીધું કે, 'હવે મને સારું થઈ ગયું, બાબા તમારો આભાર માનું છું. અને તમારા સર્વ મદદગાર બાળકોનો આભાર માનું છું.' પછી તે રાત્રે હું સૂઈ ગયો.

તે વખતે મને તરત અનુભવ થયો કે, હું તો બાબાની સાથે પાંડવભવનમાં દવા લઈ રહ્યો છું. પછી હું અને બાબા સાઈકલ ઉપર બેસીને પાંડવભવનમાં રેસ લગાવી રહ્યા છીએ, હું અને બાબા સાથે પાંડવભવનમાં બ્રહ્માભોજન કરી રહ્યા છીએ, બાબા મને ખવડાવે અને હું બાબાને ખવડાવું. જમીને હું અને બાબા સાથે ચાલી રહ્યા હતા. પછી મેં અને બાબાએ સાથે દોડ લગાવીને શાંતિ સ્તંભ પાસે પહોંચી ગયા. બસ આટલું થયું ત્યાં તો મારી આંખ ખૂલી ગઈ. જોયું તો તો સવાર થઈ ગઈ હતી.

અમારું પીવાનું પાણી પણ પૂરુ થઈ ગયું હતું મારી મમ્મી તો મુંઝાઈ ગઈ. મેં મારા મમ્મીને કહ્યું મને મોબાઈલ આપો. ત્યારે તો મારા આંગળા હજુ કામ નહોતા કરતા, તો પણ મેં ગુગલ મેપ પરથી મારા મમ્મીને અમદાવાદનું સેન્ટર શોધી આપ્યું કે જ્યાથી મમ્મી સેંટર પર કોલ કરીને પાણી ભરી પાછા આવ્યા. પછી મારા મમ્મી દીદીને ફોન કરીને કીધું કે દીદી અમારા જમવાનું શું થઈ શકે? રાજકોટથી દીદીએ તરત જ અમદાવાદના સેન્ટર પર લોટસનું એડ્રેસ આપીને કહ્યું કે અમારું ટીફીન આ સેન્ટરે બનશે. મેં બાબાનો ખૂબ ખૂબ શુક્રિયા (આભાર) માન્યો.

તે વખતે ડોક્ટરે આવી મારા નાકની નળી કાઢીને કહ્યું હું હવે બધું જ ખાઈ શકીશ. આમ આટલા દિવસથી મને નળીથી જ લિક્વીડ પ્રવાહી આપતા હતા. તે બંધ થતા, હું ખૂબ જ ખુશ થઈ ગયો. આમ મમ્મીએ મને પહેલાં તો બાબાનો ભોગ ચખાડ્યો. પછી મારા પપ્પાએ મને બ્રશ કરાવ્યું અને પછી મેં બ્રહ્માભોજન લીધું. તે વોર્ડમાં હું એક દિવસ રહ્યો ને ફરી મને બીજા વોર્ડમાં બદલ્યો.

ત્યાં હું બેડ પર હતો ને મનમાં એવું થતું હતું કે આટલામાં ક્યાંક બાબા છે. હું તો પલંગ પર બેઠો-બેઠો, આજુબાજુ જોવા લાગ્યો. ત્યાં જ એક પીલ્લર પર મારી નજર પડી તો બાબાનો સિમ્બોલવાળો એક લોગો (સ્ટીકર) દેખાયો. મમ્મીએ તો ત્યાંથી લોગો લઈ આવીને મારા પલંગ ઉપર લગાવી દીધો. પછી મમ્મી રોજ યોગ કરતાં. હું સાથે સાથે યોગ કરતો. રોજ સવાર સાંજ બ્રહ્માભોજન કરું. આમ બે દિવસ થયાં ને મારા પપ્પાએ કહ્યું, તું મારો ટેકો લઈને ચાલ, અને બાબાને સાથે રાખજે. આમ ત્યારે હું થોડું ચાલ્યો અને પપ્પાએ નવડાવ્યો પણ. પછી મારા વોર્ડ પર પાછો ફર્યો. આમ એક રાત વીતી ત્યાં તો હું જાતે

બેસવા માંડ્યો.

સૂતો હોઉં તો જાતે જ બેઠો થઈ જતો. હું બાબાને સતત યાદ રાખતો પછી સૂઈ જતો. તે દિવસે સવારે સેંટરથી નાસ્તો અને બપોરનું ભોજન બાબાને યાદ કરીને જમતાં હતાં ત્યારે જ ડોક્ટરે કહી દીધું કે, તમને હવે રજા મળી ગઈ છે. હું એટલો ખુશ થયો ને મેં બાબાને ખૂબ થેંક્સ કીધા. અમે તો જમીને તરત જ, મમ્મી સામાન પેક કરતા હતા. ત્યારે પણ મેં બાબાને કહ્યું કે, બાબા તમે મારી સાથે ચાલો, આમ હું જાતે જ ચાલવાની કોશિશ કરતો હતો. બાબાએ મને શક્તિ આપી અને આમ હું જાતે ચાલવા માંડ્યો. બસ પછી હું તો જીદે ચડ્યો કે મારે અમદાવાદ લોટસ સેંટરે જવું જ છે. રિક્ષામાં અમે લોટસ સેંટરે ગયા. ત્યાં દીદીએ મને બધી જ પૂછપરછ કરી, અમને ચા, નાસ્તો અને સોગાતો આપી. મારા પપ્પા તો રીક્ષા બોલાવા માટે ગયા, કે અમે બસમાં રાજકોટ જવાના છીએ. દીદીએ તો ના પાડી કે આવું જોખમ લેવાય નહીં હજું તો તું સરખો ચાલી શકતો નથી. તેથી અમને ટેક્સી કરી આપી. ટેક્સીવાળોભાઈ બાબાનું બાળક જે 25 વર્ષથી જ્ઞાનમાં ચાલે છે. આમ બાબાએ અમને છેક સુધી ખૂબ જ સહાયતા કરી. ટેક્સીવાળાએ અમને લોટસ સેંટરથી રાજકોટ પંચશીલ સેંટર સુધી પહોંચાડી દીધા. પછી પંચશીલ સેંટરના બધાં દીદીઓએ મારું ખૂબ જ ધૂમધામથી સ્વાગત કર્યું. અમને રાત્રી બ્રહ્માભોજન કરાવ્યું.

આમ હું બધાં બાબાના બાળકો અને બાબાનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ રહ્યો મારો અનુભવ અને મારું પેપર. અત્યારે હું એકદમ સ્વસ્થ છું. મને કોઈ તકલીફ નથી. મેં બાબાને કહ્યું હતું બાબા મારું દીવાળીનું વેકેશન તો આખું કોરું ગયું પરંતુ દેવદીવાળી સારી જ જવી જોઈએ. તો આમ બાબાએ મને તે પહેલાં જ એકદમ સ્વસ્થ કરી દીધો. વાહ બાબા વાહ... વાહ મેરા ભાગ્ય વાહ... **॥ઓમશાંતિ ॥**

(પેજ નં. 29નું અનુસંધાન)... હા શબ્દ એક

(પેજ નં. 29નું અનુસંધાન)

બધા વહેવારું વલણો છે. જ્યાં સુધી 'ના' શબ્દની પાછળનું સાચું કારણ જાણવા ના મળે ત્યાં સુધી વિવેકને શૂન્ય દૃષ્ટિએ પહોંચાડવો એ જીવન માર્ગની મોટી ભૂલ છે.

'ના' અદ્વૈત છે તો 'હા' એ અદ્વૈત છે. પણ 'હા' જ્યારે ખુશામતનું ખોળિયું પહેરીને આવે છે ત્યારે અદ્વૈતનો આભાસ ઉત્પન્ન થાય છે અને દ્વૈત કાયમ રહે છે. 'હા' જિંદગીનું સત્ય બની શકે. જો આપણને આવરણ વિના ઉચ્ચારતા આવડતા હોય તો. 'હા' શાંતિની સર્જક બની શકે, જો તે બુદ્ધિ અને સમન્વયમાંથી પ્રગટ્યો હોય તો. 'હા' એક એવી અમરવેલ છે જેના વિવેકશીલ ઉપયોગમાં જ આપણી જિંદગીની સાર્થકતા સમાયેલી છે.

નકારાત્મક દૃષ્ટિવાળો માનવી 'હા'નો વિચાર શૂન્ય બનીને ઉપયોગ કરે છે. જ્યારે સદ્‌ગુણ દૃષ્ટિવાળો માનવી તો 'હા' શબ્દને સત્યના પડઘારૂપે જ પ્રયોજે છે. મિત્રો, ચાલો આપણે 'હા' શબ્દની અમરવેલને જીવનનું લક્ષ્ય બનાવીએ અને તેના સ્નેહની સુગંધ ચારે તરફ મહેંકાવતા રહીએ અને હાજીનો પાઠ પાક્કો કરતા રહીએ એવી શુભ ભાવના અને શુભ કામના સાથે.... **॥ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

DECLARATION

I **Bharti Ranchhoddas Somaiya** declare that I am the Publisher and Printer of the newspaper entitled **GYAN AMRIT** to be printed and published at AHMEDABAD and that particulars in respect of the said newspaper given hereunder are true to the best of my knowledge and belief.

1) Title of the newspaper	:	GYAN AMRIT
2) Language (s) in which it is (to be), published	:	GUJARATI
3) Periodicity of its publication.		
a) Whether a daily, tri-weekly, bi-weekly, weekly, fortnightly or otherwise.	:	Monthly
b) In the case of a daily, please state whether it is a morning or evening newspaper.	:	No applicable
c) In the case of a newspaper other than a daily, please state the days(s)/date(s) on which it is (to be) published.	:	1st or 2nd date of every months
4) Retail selling price of the newspaper per copy.	:	Retail price Rs. 12/-
a) If the newspaper is for free distribution, please state that it is "for free distribution".	:	------
b) If it has only an annual subscription and no retail price, please state the annual subscription.	:	Annul Subcription Rs. 110/-
5) Publisher's Name	:	Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat)
Nationality	:	Indian
Address	:	"Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004.
6) Place of Publication (please give the complete postal address)	:	Prajapita Brahma Kumaris Ishwariya Vishwa Vidyalaya, "Sukh-Shanti Bhawan", Bhulabhai Park Road, Opp. Municipal School, Kankaria, Ahmedabad - 380 022.
7) Printer's Name	:	Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat)
Nationality	:	Indian
Address	:	"Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004.
8) Name(s) of the printing press(es) where the newspaper is actually printed and the true and precise description of the premises on which the press (es) is/are installed.	:	Shreedhar Printers Pvt. Ltd. J&K, Block No-4, Ravi Estate, Dudheshwar Road, Dudheshwar, Ahmedbad - 380 004. Phone : (079) 2562 5299, 2562 5899
9) Editor's Name	:	Prof. Dr. Kalidas Dhulabhai Prajapati
Nationality	:	Indian
Address	:	G-2/22, Shivam Appartment, New Vadaj, Ahmedabad - 380 013.
10) Owner's Name (s)	:	For, Prajapita Brahma Kumaries Ishwariya Vishwa Vidyalaya.
a) Please state the particulars of individual(s) or of the firm, Joint Stock Company, trust, co-operative society or association which owns the newspaper.	:	Spiritual Organisation
b) Please state whether the owner owns any other newspaper, and, if so, its name, periodicity, language and place of publication.	:	No
11) Please state whether the declaration is in respect of —		
a) a new newspaper, or	:	-
b) an existing newspaper	:	Yes
c) In case the declaration falls under item	:	Due to death of Publisher and Printer, So Changes of Publisher and Printer's Name & Address

PLACE : AHMEDABAD

Date : 17-02-2020

(Signature) (Bharti Ranchhoddas Somaiya)

(Under Section-6 of the Press and Registration of Books Acts-1867)
(Act No. 25 og 1867)

AUTHENTICATED

Sign and Stamp of Sub Divisional Magistrate (East) Ahmedabad

કડી સેવાકેન્દ્ર દ્વારા CRSની પ્રવૃત્તિઓ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યા બાદ સમૂહચિત્રમાં મહેમાનો સાથે બ્ર.કુ. સંગીતાબેન.

કલોલમાં 'સ્વસ્થ મન ખુશનુમા જીવન' કાર્યક્રમમાં સામાજીક સંસ્થાઓના અધિકારીઓ, ડૉ. દિલીપ નલગે, બ્ર.કુ. અરુણાબેન.

ખડાતમાં વિદ્યાર્થીઓના સન્માનમાં દૂધસાગર ડેરીના ડાયરેક્ટર દુરસિંહ રાઠોડ, ગ્રામભારતીના પ્રો. માનસિંહ, બ્ર.કુ. મનીષાબેન.

વસો સેવાકેન્દ્રના કાર્યક્રમમાં સરપંચ લીલીબેન, ઉપસરપંચ ભ્રાતા દિગંતભાઈ, વિઝન સ્કુલના ડાયરેક્ટર જીજ્ઞેશભાઈ, બ્ર.કુ. તરુબેન.

ગાંધીનગર સેક્ટર-૩ના વસાહત મંડળ દ્વારા આયોજીત સ્નેહમિલન કાર્યક્રમમાં ઇશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. સુનીતાબેન.

માળીયા હાટીનામાં 'હેલ્થ સેમીનાર'માં ભ્રાતા દુષ્યંતભાઈ, સામાજીક કાર્યકર મહેન્દ્રભાઈ ગાંધી, મહેશભાઈ કાનાબાર, બ્ર.કુ. મીતાબેન.

રાજકોટ રવિરત્ન સેવાકેન્દ્ર દ્વારા ૨૬જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે આયોજીત કાર્યક્રમ બાદ કલાકારો સાથે બ્ર.કુ. ડિમ્પલબેન.

ધનપુરામાં માધ્યમિક શાળામાં આયોજીત કાર્યક્રમમાં સ્વઅનુભવ સંભળાવતાં બ્ર.કુ. પંચમસિંહભાઈ સાથે આચાર્ય, બ્ર.કુ. તારાબેન.

Gyan Amrit Vol.13. | Issue 3 | March 2020| Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

મહેસાણામાં આયોજીત 'શ્રીમદ ભગવદગીતા મહાસંમેલન' કાર્યક્રમમાં સ્વાગત કરતાં બ્ર.કુ. સરલાબેન, એડીશનલ સેક્રેટરી ભ્રાતા બ્ર.કુ. બ્રિજમોહનભાઈ, સંયુક્ત મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી રતનમોહિનીજી, વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાતના પ્રમુખ ભ્રાતા દિલીપભાઈ ત્રિવેદી, આનર્ત સંસ્કૃત સંસ્કૃતિ સ્વાધ્યાયના પ્રમુખ મણિભાઈ પ્રજાપતિ, મહેસાણા ડિસ્ટ્રીક્ટ તથા સેશન જજ જસ્ટિસ ભ્રાતા હેમંતભાઈ રાવલ, સીરસીથી પધારેલ બ્ર.કુ. વીણાબેન, બ્ર.કુ. શારદાબેન તથા આમંત્રિત અતિથિગણ.

ઊંઝામાં 'આનંદ ઉત્સવ સમારોહ'ના ઉદ્ઘાટન પ્રસંગે દીપ પ્રજ્જવલ્લન કરતાં બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. સરલાબેન, MLA ભગિની આશાબેન, ઊંઝા APMC માર્કેટના ચેરમેન ભ્રાતા દિનેશભાઈ, ઉમિયા માતા મંદિરના પ્રમુખ ભ્રાતા મણિભાઈ, ડૉ. બનારસીભાઈ, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. ઈજુબેન તથા અન્ય મહાનુભાવો.

ખંભાતમાં 'સંગીત સંધ્યા કાર્યક્રમ'માં બ્ર.કુ. પૂર્ણિમાબેન, MLA ભ્રાતા મયુરભાઈ રાવલ, સ્વામી વિશ્વાનંદજી મહારાજ, બ્ર.કુ. ડૉ. દામિનીબેન, બ્ર.કુ. કિરણબેન અને મહાનુભાવો.

વડોદરા અલકાપુરીમાં 'આંતરરાષ્ટ્રીય કેન્સર દિવસે' આયોજીત કાર્યક્રમમાં HCG હોસ્પીટલના ડાયરેક્ટર ડૉ. રાજીવભાઈ ભટ્ટ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. નરેન્દ્રભાઈ, બ્ર.કુ. મીનાબેન.